Tuesday 24, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

### વિરોધ પક્ષના સભ્યોએ પ્રાંત અધિકારી અને પાલિકા વહીવટદારને લેખિત રજૂઆત

## વલસાડમાં નવા પાણી વેરાનો વિરોધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૩ :** વલસાડ નગરપાલિકા દ્વારા નવા પાણી, ગટર, નવા વાહનો ખરીદી ઉપર નાંખવામાં આવેલા વેરા વધારે અંગે ૩૦૦૦થી વધુ વાંધા રજૂ કરવા તેમ છતાં વલસાડ નગરપાલિકા દ્વારા શહેરના મિલકતદારોને ૬૬૦ રૂપિયા પાણી વેરો ભરી રહ્યા છે. ત્યારે હાલમાં પાલિકા દ્વારા નવા વર્ષથી પાણી વેરો વધારવાના બદલે ચાલુ વર્ષમાં ૩૪૦ રૂપિયા જેટલો પાણી વેરોનો વધારો કર્યો છે. એટલે કે નગરપાલિકા દ્વારા વધારો કરવામાં આવતા આજરોજ વલસાડ પાલિકાના માજી વિરોધ પક્ષના સભ્યોએ વલસાડ નગરપાલિકા વહીવટદાર અને પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી નિયમ વિરુદ્ધ વલસાડ શહેરીજનોને માથે નાંખવામાં આવેલા અસહ્ય વેરાઓ મુલતવી રાખવા માટે માંગણી કરી છે.

વલસાડ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ગીરીશભાઈ દેસાઈની આગેવાની હેઠળ આજરોજ વલસાડ નગરપાલિકાના વહીવટદાર અને પ્રાંત અધિકારી વલસાડને લેખિતમાં રજૂઆત કરવામાં આવી કે તા.૨૧/૦૮/૨૦૨૩ના રોજ ઠરાવ નંબર ૮૧, ૮૨ અને ૮૩ દ્વારા પાણી, ગટર, નવા વાહનો ખરીદી ઉપર નાંખવામાં આવેલ વેરા વધારા અંગે વાંધા સુચનો દૈનિકપત્રમાં જાહેરાત આપી નગરપાલિકાએ મંગાવેલ જે મુજબ નાગરીકોએ સમય મર્યાદામાં અંદાજે ૩૦૦૦થી વધુ વાંધા સૂચનો રજુ કરેલ છે. છતાં નગરપાલિકા દ્વારા એક પણ વાંધા રજુ કરનારને સાંભળ્યા વિના નવા વેરાનો વધારો દાખલ કરી વસુલ કરવાનુ શરૂ કરી દીધેલ છે જે અંગે તા.૩૦/૦૭/૨૦૨૪ના રોજ વાહન ખરીદી પર દાખલ કરવામાં આવેલ વેરા અંગે લેખિત રજુઆત કરવા છતાં કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી. હાલમાં તા.૨૧/૦૮/૨૦૨૩ના ઠરાવ નંબર ૮૧ મુજબ ખાસ પાણી વેરાનો ઠરાવ મંજુર કરેલ જેમા વાંધા રજુ કર્યા હોવા છતાં તથા નગરપલિકા અધિનિયમની કલમ ૧૦૩ મુજબ અન્ય કોઈપણ બીજી તારીખોએ વેરો અમલમાં આવી શકતો નથી જેથી સદર વેરો સમાન્ય રીતે ૧ એપ્રિલથી નવા વર્ષમાં દાખલ કરી શકાય. જયારે નગરપાલિકા દ્વારા ખાસ પાણી વેરાંનો અમલ તા.૧૨/૦૯/૨૦૨૪થી કરવાનું શરૂ કરેલ છે જે નિયમ વિરુધ્ધ છે. તથા સદર પાણી વેરો રહેણાંક માટે રૂપિયા ૬૬૦ ચાલી આવેલ છે જે મુજબ ૧ એપ્રિલ ૨૦૨૪થી તા.૧૨/૦૯/૨૦૨૪ સુધી ૬૦ ટકા જેટલા મિલકતદારોએ પાણી વેરો રૂા. ૬૬૦ ભરેલ છે. હવે બાકી રહેલા ૪૦ ટકા મિલકત ધારોકોને માંગણા બીલ નગરપાલિકા દ્વારા આપેલ છે. જેમા પણ રૂા. ૬૬૦ની માંગણી કરેલ છે. આમ નગરપાલિકા દ્વારા ૬૦ ટકા પાસે રૂા. ૬૬૦ વસુલ કરેલ છે અને ૪૦ ટકા બાકીદારોને રૂપિયા ૬૬૦ મુજબ માંગણી બીલ આપેલ છે અને તા.૧૨/૦૯/૨૦૨૪થી પાણી વેરો રૂા. ૧૦૦૦ વસુલવાનું ચાલુ કરેલ છે એટલે કે રૂપિયા ૩૪૦નો અશક્ય વધારો કરેલ છે જે નિયમ વિરુધ્ધ છે અને પ્રજા ઉપર ભારે બોજો નાખેલ છે. નગરપાલિકા જે મિલકત ધારોકોએ ૬૦ ટકા જેટલાએ વેરો ભરેલ છે તેને વધારાના પાણી વેરો રૂા. ૩૪૦ બાકી બતાવી આગામી વર્ષમાં વસુલ લેવાનો નિર્ણય કરેલ છે જે પણ નિયમ વિરુધ્ધ છે. ઉપરાંત ઘર વપરાશની ગટર લાઇન ઉપર તા. ૨૧/૦૮/૨૦૨૩ના ઠરાવ નંબર ૮૨થી ગટર વેરો જે હાલમા ૪૦૦ રૂા. ભરવામા આવે છે જેની સામે નવો વધારો મિલકત વેરાના ૨૫ ટકા રકમ જેટલો એટલે કે રૂા.૫૦૦થી ઓછા નહી જે મુજબ નગરપાલિકાએ વધારો દાખલ કરેલ છે અને જેને પણ અમલમાં મુકવાના ચક્રોગતિમાન કરેલ છે જે નિયમ વિરુધ્ધ છે. કારણ કે ઘણા ગરીબ તથા આદીવાસીની મિલકતનો વેરો ૫૦ રૂા. જેટલો હોય તેને પણ ગટર વેરો ઓછામાં ઓછો ૫૦૦ રૂા. ભરવાનો થાય તે પ્રજા ઉપર અસહ્ય બોજ અને જુલમ સમાન છે. જેથી વેરો તાત્કાલીક અસરથી અમલમાં લેવાનું બંધ કરી વાંધા સૂચનો સાંભળી નિયમ મુજબ ૧ અપ્રિલ નવા વર્ષથી યોગ્ય વેરો દાખલ કરવામા આવે.

(અનુ. પેજ નં.૭ પર)

### ધવલભાઈ પટેલ ઈઝ ઈન એક્સન મોડ

## વલસાડ આરપીએફ મેદાન પાસેનો બંધ રસ્તો ખુલ્લો કરાવ્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** પશ્ચિમ રેલવે દ્વારા વલસાડના આર.પી.એફ. ગ્રાઉન્ડની સામે આવેલા રેલવે યાર્ડ તરફ જતો રસ્તો બે દિવસ અગાઉ બંધ કરી દેવામાં આવતા હજારો લોકોને મુશ્કેલી વેઠવી પડતી હોવા અંગેની જાણ થતાં વલસાડના સાંસદે તાત્કાલિક રસ્તો ખુલ્લો કરવા રેલવેના અધિકારીઓનું સૂચના આપતા રેલ્વે વિભાગ દ્વારા રસ્તો ખુલ્લો કરી દેવામાં આવતા વિસ્તારના લોકોને વાહન ચાલકોને રાહત મળી છે.

પશ્ચિમ રેલવે દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી વલસાડ વેસ્ટ રેલવે યાર્ડમાં જતા તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. તો બીજી તરફ શહેરના સ્ટેટ હાઈવે પર અડીને રેલવે વિભાગ દ્વારા દિવાલ તાણી બાંધી છે. જ્યારે વલસાડના આરપીએફ ગ્રાઉન્ડની સામે વેસ્ટ રેલવે યાર્ડમાં જવા માટે એક માત્ર રસ્તો ખુલ્લો હતો. જો કે બે દિવસ અગાઉ પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા આ રસ્તા પર લોખંડની રેલિંગ લગાવી માત્ર મોપેડ બાઈક જઈ શકે એટલો જ રસ્તો ખુલ્લો રાખ્યો હતો. જ્યારે કાર કે રીક્ષા જઈ સકતી ન હતી. રેલવે દ્વારા રસ્તો બંધ કરાતા સ્કૂલના વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ તેમજ અધિકારીઓને આશરે દોઢથી બે કિલોમીટરનો વિસ્તાર ફરીને જવાની નોબત ઊભી થઈ હતી. નાના તેમજ મોટા વાહન ચાલકોને ભારે ટ્રાફિકનો સામનો કરવો પડતો હતો. જેનાથી આ માર્ગનો ઉપયોગ કરતા લોકોને ભારે હાલાકી વેઠવી પડી રહી હતી. જે અંગેની વલસાડ - ડાંગના સાંસદ ધવલભાઈ પટેલને જાણ થતાની સાથે રસ્તો ખુલ્લો કરવા માટે રેલવે વિભાગના અધિકારીઓને જાણ કરી હતી અને ૨૪ કલાકમાં રેલવે દ્વારા આરપીએફ મેદાનની સામેનો બંધ કરવામાં આવેલો રસ્તો તાત્કાલિક ખુલ્લો કરવામાં આવતા વાહનચાલકો અને વિસ્તારના રહીશોને મોટી રાહત મળી છે.

## દાનહમાં ઠેર ઠેર સ્વચ્છતા મેરેથોન યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૩ :** દાનહના ૨૦ ગ્રામ પંચાયતમાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ પ્રકૃતિ સ્વચ્છતા થીમ હેઠળ ધાર્મિક સ્થળો, પ્રવાસન સ્થળો અને ગ્રામ પંચાયતના જાહેર રસ્તાઓ પર ખાસ સ્વચ્છતા પ્લાગીંગ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત દાદરા અને નગર હવેલીની તમામ ૨૦ ગ્રામ પંચાયતોના જિલ્લા પંચાયત સભ્યો, તમામ સરપંચો, વોર્ડ સભ્યો, ગ્રામ પંચાયતોના પંચાયત મંત્રીઓ, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ધાર્મિક સ્થળો, પ્રવાસન સ્થળો અને જાહેર માર્ગો પર સ્વચ્છતા મેરેથોનમાં ભાગ લીધો હતો. તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પંચાયત મંત્રી, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાએ આ સ્વચ્છતા પ્લાગીંગ મેરેથોનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશની ૨૬૫ શાળાના કુલ ૯૮૮૦ વિદ્યાર્થીઓ, ૧૩૦૦ શિક્ષકો, ૧૧૫૬ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો અને સામુદાયિક ભાગીદારી સાથે જાહેર સ્થળોની સ્વચ્છતા સુનિશ્ચિત કરવાનો હતો.

## તૂંબની ટોકર ખાડીમાં મૃત માછલીઓ તણાઈ આવી



### ભૂતકાળમાં પણ અનેકવાર આવી ઘટના બની હતી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૩ :** ઉમરગામ તાલુકાના તૂંબ ગ્રામ પંચાયત વિસ્તારની ટોકરખાડીમાં મોટી સંખ્યામાં બે દિવસ અગાઉ મૃત માછલીઓ તણાઈ આવી હતી. અગાઉ પણ આવી ઘટના ઘટી હતી .

ઉમરગામ તાલુકાની તૂંબ ગ્રામ પંચાયત વિસ્તારમાં ખતલવાડ બાયપાસ માર્ગ પર ટોકરખાડીમાં બે દિવસ અગાઉ મોટી સંખ્યામાં મૃત માછલીઓ તણાઈ આવી હતી. સ્થાનિક ગ્રામજનોને જાણ થતાં લોકો ટોકરખાડી ખાતે આવી પહોંચ્યા હતાં. ખાડીનાં વહેણમાં કેમિકલ વેસ્ટ ઠાલવી પ્રદૂષણ ફેલાવનારા તત્વોને કારણે માછલી તેમજ અન્ય જળચર જીવો સામે જોખમ તોડાતું હોવાના અક્ષેપો સ્થાનિક આગેવાનોએ કર્યા હતાં. અગાઉ પણ તૂંબ ટોકર ખાડીમાં મોટી સંખ્યામાં માછલીઓ મૃત હાલતમાં તણાઈ આવી હતી. જે તે સમયે જીપીસીબી વિભાગને ફરિયાદ કરતા પાણીના નમૂના એકત્રિત કરી તપાસ અર્થે મોકલ્યા હતાં. ફરી ઘટનાનું પુનરાવર્તન થતાં જીવદયા પ્રેમીઓમાં ભારે નારાજગી જોવા મળી રહે છે. સમસ્યાના મૂળ કારણ સુધી પહોંચી કાયમી ધોરણે ઉકેલાવે અને જળચર જીવોનું રક્ષણ થાય તે માટે જીપીસીબી વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ એવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

### શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા

## માતાના મઢ જતા સાયકલ-પદયાત્રીઓ માટે આજથી વાપીમાં કેમ્પ

### શનિવાર સુધી જલારામ મંદિરે સાયકલ તથા પદયાત્રીઓને આરામ તથા અન્ય સુવિધા ઉપલબ્ધ કરાવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** વાપીના જલારામ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા આશાપુરા સાયકલ પર જતા પદયાત્રીઓ માટે કેમ્પ શરૂ કરાશે.

પ્રાપ્ત વિગત મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ વાપીમાં આવેલ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપરના જલારામ મંદિર ખાતે શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ વાપી દ્વારા મુંબઈથી આશાપુરા સાયકલ પર જતા પદયાત્રીઓ માટે કેમ્પ શરૂ કરે છે જે અંતર્ગત તા. ૨૪-૯-૨૦૨૪થી ૨૮-૯-૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન જલારામ મંદિર ખાતે પદયાત્રીઓ માટે કેમ્પ શરૂ કરાયો છે. જેમાં યાત્રાળુઓને નાહવા, જમવા રહેવાની તેમજ આરામ કરવા અને જરૂરી મેડિકલ સેવા સાથે યાત્રાળુઓની સાઈકલનું રીપેરીંગ કામ પણ અહીં કરવામાં આવશે. જે અંગે આજે તા. ૨૪-૯-૨૦૨૪ને મંગળવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે મહા આરતી સાથે કેમ્પની શરૂઆત કરવામાં આવશે અને ઉપસ્થિત રહેલા તમામ ભક્તોને પ્રસાદ તેમજ કેમ્પનો લાભ આપવામાં આવશે. આ અંગે વધુ માહિતી માટે પ્રકાશભાઈ જોઈસર તેમજ વસંતભાઈ ભદ્રાનો સંપર્ક કરવો તેમ ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ વાપી દ્વારા જણાવાયું છે.

**જોઈએ છે**

**હેવી લાયસન્સ ધરાવતા અને પાંચ વર્ષ સુધીનો અનુભવી ડ્રાઈવર જોઈએ છે.**

Contact - 9574287476

**ફ્લેટ વેચવાનો છે**

**આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.**
**૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ ફર્નિચર સાથે**

મો.નં. - 98252 68389









## વાપીની ૭ શાળાના વિદ્યાર્થીઓએ વોલ પેઈન્ટિંગ કર્યુ

### કલાત્મક આંતરદ્રષ્ટિ વોલ પેન્ટિંગ સ્પર્ધા માટે વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અને શિક્ષણ અંગે સંદેશો આપ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** વાપી નગરપાલિકા અને આઈ ડ્રીમ અબાઉટ ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત કલાત્મક આંતરદ્રષ્ટિ વોલ પેન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપીની સાત જેટલી જાણીતી સ્કૂલોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વોલ પેન્ટિંગ કરાયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ આજે વાપી નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ ના વિવિધ સ્થળોએ ચાલતા કાર્યક્રમ દરમિયાન વાપીના ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપની સામે આવેલ રેલવેની વોલ ઉપર કલાત્મક આંતરદ્રષ્ટિ સ્પર્ધાનું આયોજન આઈ ડ્રીમ અબાઉટ ફાઉન્ડેશન અને સમીપ ફાઉન્ડેશનના સહયોગથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન વાપી નગરપાલિકાના પ્રમુખ પંકજભાઈ પટેલ, ઉપપ્રમુખ દેવલબેન દેસાઈ, કારોબારી અધ્યક્ષ મનોજભાઈ પટેલ તેમજ માજી પાલિકાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલની ઉપસ્થિતિમાં સવારે ૯:૦૦ કલાકે શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં વાપીની જાણીતી એવી જ્ઞાનધામ સ્કૂલ, એલ.જી. હરિયા સ્કૂલ, વિદ્યાનિકેતન સ્કૂલ, અર્થવ પબ્લિક સ્કૂલ, સમર્પણ જ્ઞાન સ્કૂલ અને આર.એસ. ઝૂનઝૂનવાલા સ્કૂલના વિદ્યાર્થીઓએ રેલવેની વોલ ઉપર પોતાના હાથે પ્રિન્ટિંગ કરી સ્વચ્છતા અંગેનો સંદેશો નગરજનોને આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાપી નગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ એનજીઓના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતાં.

જયારે આ વોલ પેન્ટિંગ દરમિયાન સમિપ ફાઉન્ડેશનના વિદ્યાર્થી સમીર રાજવર્ધન કે જેઓ બોલવામાં કે માનસિક રીતે બીમાર એવા વિદ્યાર્થીઓ પણ વોલ પેઈન્ટિંગ કરી સ્વચ્છતા અંગેનો સંદેશો આપ્યો હતો. આ વિદ્યાર્થી દ્વારા અગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય તેમજ વિશ્વસ્તરીય ટેબલ ટેનિસ અને બેટમિન્ટનમાં પણ ભાગ લેવા માટે એપ્લાય કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

## ધરમપુરના ટીડીઓ સામે સરપંચો અને તલાટીઓનો મોરચો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૩ :** ધરમપુર તાલુકા પંચાયત કચેરીના તાલુકા વિકાસ અધિકારી કૃષ્ણ ગોપાલસિંહ મકવાણા વિવાદના વંટોળે ચઢ્યા છે. તેમની સામે ધરમપુર તાલુકાના સરપંચો અને તલાટી કમમંત્રીઓ જ જુદા જુદા મુદ્દે ફરિયાદ સાથે મેદાનમાં ઉતર્યા છે અને ટીડીઓ સામે કાર્યવાહી કરવા માટે માંગણી કરી રહ્યા છે.

તલાટી કમ મંત્રીઆએ ધારાસભ્ય અરવિંદભાઈ પટેલને જ્યારે સરપંચોએ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારાને લેખિત રજૂઆત કરી હતી.

### ટીડીઓની બદલી નહી કરાય તો સરપંચોની રાજીનામાની ચીમકી

સરપંચો જિલ્લા ભાજપ પ્રમુખને કરાયેલી લેખિત રજૂઆત અનુસાર આદિમ જૂથના યોજનામાં લાભાર્થી આવાસ પૂર્ણ કરેલ હોવા છતાં તલાટી દ્વારા સરપંચને નોટિસનો નિકાલ કરવા બે લાખની માંગણી કરાતી હોવાનો ચોંકાવનારો આક્ષેપ પણ સામે આવ્યો છે. ઉપરાંત ગ્રામ પંચાયતમાં વહીવટી મંજુરી, મનરેગા યોજના હેઠળ ફાળવણી, સોમ અને ગુરુવારે હાજરી જેવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતાં અને આ મુદ્દાનો નિકાલ સાથે તાલુકા વિકાસ અધિકારીની બદલી ત્વરિતપણે ન કરવામાં આવશે તો સરપંચો આગામી સમયમાં રાજીનામાં આપશેની લેખિત રજૂઆતમાં ચીમકી ઉચ્ચારી હતી. જ્યારે તલાટી કમ મંત્રીઓ દ્વારા ધારાસભ્ય અરવિંદભાઈ પટેલને કરાયેલ રજૂઆતમાં ટીડીઓ દ્વારા તલાટી કમમંત્રીઓની કામગીરી અને અણછાજતા અને અપમાનજનક શબ્દો પ્રયોગો, સરપંચોને નાણાંકીય બાબતે સ્પષ્ટતા ન કરવી જેવા વિવિધ પ્રશ્ને ટીડીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવા અંગેની માંગ કરાઈ છે.

## શનિવારે વલસાડમાં ઉશનસ્ જયંતિ

**વાપી, તા.૨૩ :** આગામી શનિવારે કવિશ્રી ઉશનસ્‌ના જન્મ દિન નિમિત્તે વલસાડની બુધસભા દ્વારા શ્રીનગર સોસાયટીમાં કવિશ્રીના કાવ્યોના પઠનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તા.૨૮-૦૯-૨૪ના સાંજે ૫ કલાકે યોજનાર કાર્યક્રમમાં વલસાડ અને આસપાસના સાહિત્યપ્રેમીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનિય છે કે બુધસભા ઘણા વર્ષોથી વલસાડમાં સાહિત્યકલાને લગતા વિશિષ્ઠ કાર્યક્રમો યોજતી રહે છે.

VIMAL POWERS

V-GUARD



**ઘર હોય કે ઓફિસ**
**સ્ટાઈલિશ અને ડીઝાઈનર પંખા તો**
**V- GUARD ના જ**

ડીસ્ટ્રીબ્યુટર : **વિમલ પાવર્સ, વાપી**
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

# અન્ય સમાચારો

Tuesday 24, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## ડાંગમાં એસ.યુ.સી.આઈ.એ સ્થળાંતરીત મજૂરોની સ્થિતિ સહિતનાં મુદ્દાઓને લઈને કલેકટરને રજુઆત કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૩ :** ડાંગ જિલ્લા સોસીયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કોમ્યુનિસ્ટ) એ ડાંગ જિલ્લાના સ્થળાંતરીત મજૂરોની સ્થિતિ સુધારવા તથા ડાંગમાં લોકોને કાયમી રોજગારી મળી રહે,વન સંરક્ષણ કાયદો ૨૦૨૨ને પાછો ખેંચવા, વન અધિકાર કાયદો ૨૦૦૬ નો સંપૂર્ણ અમલીકરણ વગેરે મુદ્દાઓને લઈને કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતુ. એસ. યુ.સી.આઈ. (કોમ્યુનિસ્ટ) એ પક્ષ ડાંગ એકમ વતી આદિવાસીઓ અને સમાજ ના સૌથી ગરીબ વર્ગના હિત માં અવાજ ઉઠાવે છે. આદિવાસી દેશના સૌથી -નચીન રહેવાશી છે.ત્યારે આ મજૂરો લોકોની આજીવિકા અને ન્યાય મળે,આંદોલન મજબૂત કરવા,વિશ્વ પર્યાવરણ સંતુલન માટે જરૂરી પગલાં લેવાના હેતુથી એસ. યુ.સી.આઈ. (કોમ્યુનિસ્ટ) એ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્રમાં આદિવાસીઓને જંગલની જમીન માંથી બેદખલ કરવાનું બંધ કરવા, આદિવાસી તથા જમીન વિહોણા ને જમીન ના પટ્ટા આપો, C.N.T. એક્ટ (S.P.T એક્ટ) તથા પેસા કાયદાનો પૂર્ણ પણે પાલન કરો,વન અધિકાર કાયદો ૨૦૦૬ લાગુ કરો, આદિવાસી વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સુધી નિ:શુલ્ક કપડાં ભોજન તથા શિક્ષણ આપો, ડાંગમાં જંગલ આધારિત ઉદ્યોગો સરું કરી રોજગારીની તકો ઊભી કરવામાં આવે, આદિવાસી વિસ્તારોમાં પમી અનુસૂચિ લાગુ કરો, લોકોની જમીન પ્રવાસન ઉદ્યોગ તથા નોટીફાઈડ એરિયાને સોંપવાનું બંધ કરો, આદિવાસીઓને તેમના નિવાસસ્થાને થી વિસ્થાપિત કરવાનું બંધ કરો, BSNL નેટવર્ક માં તાત્કાલિક સુધારો કરવામાં આવે, ડાંગના ગામડાઓ સહિત સુબીર આહવા વઘઈ માં કાયમી સ્ટ્રીટ લાઈટ ગોઠવવામાં આવે તેમજ વિવિધ યોજના અમલીકરણમાં ભ્રષ્ટાચાર બંધ કરો અને આ યોજના વ્યાપક બનાવવા અને યોજના હેઠળ થયેલ કામનું વેતન નિયમ અનુસાર ચૂકવવામાં આવે, ડાંગ જિલ્લામાં બાકી રહી ગયેલ લોકોને BPL કાર્ડ આપવામાં વગેરે માંગણી સંતોષવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## ગેનીબેન ઠાકોરે બાળકોની સુરક્ષાને લઈ કમિટી બનાવવાની માંગ કરી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૨૩ :** રાજ્યમાં શિક્ષણજગતને શર્મસાર કરતી બે ઘટનાઓ સામે આવી હતી. જેમાં ત્યારે બોટાદમાંએક શિક્ષકે વિધાર્થીની (students) સાથે શારીરિક અડપલા કર્યા હતા જ્યારે દાહોદમાં ૬ વર્ષની વિદ્યાર્થીની શાળાના આચાર્યએ દુષ્કર્મના ઈરાદે હત્યા કરી નાખી હતી ત્યારે આ બંન્ને ઘટના મામલે બનાસકાંઠાના સાંસદ ગેનીબને ઠાકોરે રાજ્ય સરકાર પાસે બાળકોની સુરક્ષાને લઈ કમિટી બનાવવાની માંગ કરી છે.

વાલીઓ બાળકો કરતા વધારો શિક્ષકો પર ભરોસો રાખે છે તેમ કહી સાંસદ ગેનીબેન ઠાકોરએ આ બંન્ને ઘટનાઓને કડક શબ્દોમાં વખોડી કાઢી હતી અને તેમણે સરકાર પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે, બોટાદમાં છેડતી અને દાહોદમાં હત્યા છતાં સરકારે પગલા લીધા નથી. સુરક્ષાને લઇને કમિટીમાં સુરક્ષાને લઈ કમિટીમાં ગેનીબેને નિવૃત જજ, મહિલા પોલીસ અધિકારી, મનોચિકિત્સકની કમિટી બનાવવાની માંગ કરી છે. તેમજ શહેર તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ કમિટી શાળાઓમાં જઈને તપાસ કરે તેવી પણ માંગ કરી છે.

નોંધનીય છે કે પહેલી ઘટનામાં દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના તોરણી ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી ધોરણ-૧ની બાળકીની આચાર્ય ગોવિંદ નટે દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો હતો અને બાળકીએ બુમાબુમ કરી મુકતા આચાર્યએ ગળું દબાવીને બાળકીની હત્યા કરી દીધી હતી. જ્યારે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસા ગામે શંકર પરા વિસ્તારમાં પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા આનંદ કુમાર જાની એ તેની શાળામાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલા કર્યા હતા અને ત્યારબાદ વિદ્યાર્થીનીને ધમકી આપી હતી.આ બંન્ને ઘટનાના આરોપીઓ હાલ પોલીસ પકડમાં છે.

## ગુજરાતના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ૧૦૮ એમ્બુલેંસ

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૨૩ :** રોકેટની ગતિએ ચાલતી ૧૦૮ એમ્બુલેંસ અને મક્કમતાપૂર્વક ફરજ નિભાવતા ૧૦૮ ઈમરજન્સી સેવાની સમગ્ર ટીમ ગુજરાતના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. ત્યારે ગુજરાતમાં આરોગ્ય સેવા ક્ષેત્રે ૧૦૮ ઈમરજન્સી સેવા શરૂ થઈ ત્યારથી ઓગસ્ટ-૨૦૨૪ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૬૬ કરોડથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરીને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૫૫.૩૯ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી તેમજ ૨૦.૩૨ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન મરણનો સવાલ હોય તેવા આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૫.૫૨ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે. જ્યારે, એમ્બ્યુલન્સમાં અને જે તે સ્થળ ઉપર કુલ ૧.૪૩ લાખથી વધુ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

૧૦૮ ઈમરજન્સી સેવા ઉપરાંત ગુજરાતમાં અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૨થી કાર્યરત ૪૧૪ જેટલી ખિલખિલાટ વાનનો ૧.૧૩ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટમાં કાર્યરત ૨૫૬ વાન થકી ૨.૭૯ કરોડથી વધુ નાગરિકોએ લાભ લીધો છે. વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઇન અંતર્ગત ૧૪.૭૮ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૨.૯૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઇન દ્વારા કુલ ૫૦.૪૪ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૪૨ જેટલા નાગરિકોનો જીવ બચાવવામાં આવ્યા છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવારત છે. રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૧.૪૭ કરોડથી વધુ ઈમરજન્સી કોલ, પોલીસ ઈમરજન્સી, ફાયર ઈમરજન્સી, મેડીકલ ઈમરજન્સી અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે.

## વઘઈમાં પ્રીત ચેરિટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૩ :** પ્રીત ચેરિટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા ડાંગ જિલ્લાના વઘઇ અને આહવા તાલુકાની શાળાઓનો સાંસ્કુતિક અને સાધન સહાય કાર્યક્રમ વઘઇ સ્થિત કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયો હતો. જેમા ડાંગ જિલ્લાની વઘઇ તાલુકાની પ્રાથમિકશાળા કોયલીપાડા, પ્રા.શા.ચિકાર તેમજ તાલુકા શાળા વઘઇ અને આહવા તાલુકાની પ્રા.શા. બોરખલ તેમજ પ્રા.શા. ચૌકયાએ ભાગ લીધો હતો. પ્રીત ચેરિટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા આ તમામ શાળાઓને ભૌતિક સુવિધાના વિકાસ માટે સાધન સામગ્રી ખરીદી માટે રૂ ૧,૫૦,૦૦૦/-ની સહાય આપી હતી. આ કાર્યક્રમનાં અધ્યક્ષ એન્વાયરો કંટ્રોલ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર ડો.નિમેશભાઈ વશીએ પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડ્યુ હતુ. સાથે સાથે વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોઈ ડૉ. વશીએ સંસ્કૃતિ કાર્યક્રમાં ભાગ લેનાર તમામ ૧૫૧ વિદ્યાર્થીઓને ૧૦૦૦/- કુલ ૧,૫૧,૦૦૦/-રૂપિયાની પ્રોત્સાહન રાશિ એન્વાયરો કંટ્રોલ પ્રાઈવેટ લિમિટેડ તરફથી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન પારૂલબેન દેસાઈ તથા સંદીપભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ માટે પ્રીતિ ભોજનની વ્યવસ્થા પણ પ્રીત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ હતી. જ્યારે અંજલિબેન ચિતણીયાએ આભાર વિધિ કરી હતી.

### રાજકોટની મારવાડી યુનિવર્સિટી ફરી સપડાઈ વિવાદમાં

## એક વિદ્યાર્થિનીના અન્ય વિદ્યાર્થિનીએ ઉતાર્યો અશોભનીય વીડિયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૨૩ઃ રાજકોટની બહુચર્ચિત મારવાડી યુનિવર્સિટી ફરી વિવાદમાં આવી છે. કેમ્પસની હોસ્ટેલમા રહેતી એક વિદ્યાર્થિનીનો અન્ય વિદ્યાર્થીનીએ આપત્તિજનક વીડિયો ઉતારીને અન્યને મોકલતા હોબાળો થયો છે. ત્યારે આ મામલે સ્થાનિક પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક વિદ્યાર્થીઓ દ્વારા જ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો.

રાજકોટમાં આવેલી મારવાડી યુનિવર્સિટી એટલે વિવાદોનું ઘર. હાલ મારવાડી યુનિવર્સિટીમાં યુવતીના આપત્તિજનક વીડિયોનો મામલો સામો આવ્યો છે. હોસ્ટેલમાં એક જ રૂમમાં રહેતી બે યુવતીઓ વચ્ચે ઝઘડાનો વીડિયો હાલ વાયરલ થયો છે. જેમાં એક યુવતી બીજી યુવતીને ઉપરાઉપરી લાફા ઝીંકી રહી છે. એક યુવતીનો સ્નાન કરતો વીડિયો ઉતારી બીજી યુવતીએ તેને ફોરવર્ડ કર્યાનો આરોપ મૂકાયો છે.

આંધ્ર પ્રદેશની યુવતીઓ મારવાડી યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના વિભાગમાં અભ્યાસ કરે છે. જેમાં વીડિયો ઉતારનાર યુવતીની સાથે અન્ય યુવતીઓએ મારામારી કરી હતી. આ મામલે વિવાદ થયા ટોળું એકત્ર થયું હતુ, અને સમગ્ર મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. સંબંધિત યુવતીના વાલીઓને જાણ કરવામાં આવી હતી.વાલીઓના આવ્યા બાદ પોલીસ ફરિયાદ અંગે નિર્ણય લેવાશે હાલ તો નિવેદન લઈ યુવતીઓને જવા દેવામાં આવી.ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ મારવાડી યુનિવર્સિટી વિવાદમાં આવી હતી.

### સુરત પાસે ટ્રેન ઉથલાવવાના કાવતરાંમાં આવ્યો ચોંકાવનારો વળાંક, ત્રણની ધરપકડ

## કાવતરૂ ટ્રેન ઉથલાવવાનું નહીં એવોર્ડ અને પ્રમોશન મેળવવાનુ હતું!?

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૨૩ઃ દક્ષિણ ગુજરાતમાં કીમ સ્ટેશન પાસે ટ્રેન ઉથલાવવાનું કાવતરુંઝડપાયુંહોવાના સમાચારે બે દિવસ પહેલાં ભારે તંગદિલી ફેલાવી દીધી હતી. સુરતના કીમમાં બે દિવસ અગાઉ વહેલી સવારે ટ્રેન ઉથલાવવાના પ્રયાસમાં મોટો પર્દાફાશ થયોછે. હકીકતે આ પરાક્રમ રેલવે કર્મચારીઓએ જ કર્યું હોવાનું જાહેર થયું છે. મળતા અહેવાલ મુજબ, સુભાષ પોદ્દાર નામનો કર્મચારી ઘટનાને જોનારી પ્રથમ વ્યક્તિ હતો અને તેની ધરપકડ બાદ તેણે જે ખુલાસો કર્યો છે તે માત્ર ડરાવનારો જ નહીં, આઘાતજનક પણ છે. સુભાષના કહેવા મુજબ તેણે જ ઍવોર્ડ અને પ્રમોશન મેળવવા માટેઆ સમગ્ર તરકટ રચ્યું હતું. દેશમાં છેલ્લા થોડા દિવસથી ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન વગેરે રાજ્યોમાં રેલવે ટ્રેક પરથી મળેલા વિસ્ફોટકો અને મોટી શિલાઓ અથવા થાંભલાની ઘટનાઓથી ડરેલા ગુજરાતીઓ સહિત દેશવાસીઓ સુરતમાં કીમ પાસે પણ પાટાની ફિશ પ્લેટ કાઢી નાખવામાં આવી હોવાના સમાચારથી વ્યથિત થઈ ગયા હતા. અનેક લોકોએ જાતજાતના આક્રોશ વ્યક્ત કર્યા હતા અને ટ્રેનને બચાવી લેનાર લોકોનો મનોમન તેમજ સોશિયલ મીડિયા દ્વારા આભાર માન્યો હતોપપરંતુ હવે જે જાણવા મળ્યું છે તે અસાધારણ અને ચિંતાજનક છે. ૨૧ સપ્ટેમ્બરને શનિવારે કીમ નજીક ટ્રેક પરથી ફિશ પ્લેટ અને ચાવીઓ ખોલીને ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે સમયે પેટ્રોલિંગ કરી રહેલા સુભાષ પોદ્દારને રેલવે ટ્રેક પર ૩ અજાણ્યા શખસોની ચહલપહલ જોવા મળી હતી. તેણે દાવો કર્યો હતો કે, 'મેં વહેલી સવારે ૫ઃ૨૦ વાગ્યાની આસપાસ ટ્રેક પર અજાણ્યા લોકો હતા. મને શંકા જતા મેં બૂમો પાડી હતી, જેથી તેઓ તાત્કાલિક નાસી છૂટ્યા હતા.'

આ ઘટનાને ગંભીરતાથી લઈને NIA, ATS, SOG, GRP, LCB, સુરત જિલ્લા પોલીસ, રેલવે પ્રોટેક્શન ફોર્સ, ડોગ સ્ક્વોડ, સહિતની વિવિધ એજન્સીઓ અને ટીમો તપાસમાં લાગી ગઈ હતી. આ દરમિયાન સૌથી પહેલા આ ઘટનાને જોનાર રેલવેનો કર્મચારી પર શંકા ગઈ હતી. કારણ કે કોઈ ટૅકનોલૉજીનો જાણકાર અનુભવી વ્યક્તિ જ આટલા ટૂંકાગાળામાં ૭૧ ઈઈજી પેડલોક અને ૨ જોગસ ફિશ પ્લેટ કાઢી શકે . જેથી ઉલટ તપાસ કરાતા સુભાષ પોદ્દાર જ આરોપી હોવાનું સામે આવ્યું હતું. સુભાષ પોદ્દારે ઍવોર્ડ અને પ્રમોશન મેળવવાની લાલચમાં આ કાવતરું ઘડ્યું હોવાનું જાણવા મળ્યું છે.

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝને શનિવારે એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે, કેટલાક અજાણ્યા લોકોએ કીમ રેલવે સ્ટેશન નજીક ઉત્તર પ્રદેશ લાઈન ટ્રેક પરથી ફિશ પ્લેટ અને ચાવીઓ ખોલીને તેને ટ્રેક પર મૂકી દીધી હતી. ત્યારબાદ ટ્રેનની અવર-જવર બંધ કરી દેવાઈ હતી. આ સુરત ગ્રામ્ય તેમજ રેલવેના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઝડપથી લાઈન પર ટ્રેન સેવા શરૂ કરી દેવાઈ હતી.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ PUSHPનો મંત્ર આપ્યો

## 'નમસ્તે' પણ મલ્ટિનેશનલઃ મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ન્યૂયોર્ક, તા.૨૩ઃ હવે વિશ્વમાં અમેરિકન ઈન્ડિયન સ્પિરિટ છે અને આ જ દુનિયાની એઆઇ તાકાત છે. આજતાકાતબન્નેદેશોનાસંબંધોનેનવી ઊંચાઇ આપી રહી છે તેમ ભારતીય સમુદાયના લોકોને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુંછે. હવેતો 'નમસ્તે' પણ મલ્ટિનેશનલ બની ગયું છે. તે લોકલથી ગ્લોબલ થઇ ગયું છે. આ તમામ હાંસલ કરવા પાછળ તમે (વિદેશમાં રહેતા ભારતીયો)એ કર્યુંછે. પોતાના દિલમાં ભારતને વસાવીને રાખતાં ભારતીયોએ આ કર્યું છે. હું કાયમ તમારા સામર્થ્યને સમજતો રહ્યો છું. તમે અમારા માટે કાયમ ભારતના સૌથી મજબૂત બ્રાંડ એમ્બેસડર રહ્યા છો. આથી હું તમને રાષ્ટ્રદૂત કહું છું. વડાપ્રધાન મોદીએ ઉમેર્યું કે અમે ભારતીયો જ્યાં પણ જઇએ છીએ ત્યાં તમામને પરિવાર માનીને તેમની સાથે હળીમળી જઇએ છીએ. ડાયવર્સિટીને સમજીને તેને જીવવું અને પોતાના જીવનમાં ઉતારી લેવું...તે અમારા સંસ્કારોમાં છે. કોઇ તમિલ બોલે છે.. કોઇ ગુજરાતી, કોઇ મલયાલમ, કોઇ પંજાબી, કોઇ મરાઠી...ભાષા અનેક છે, પરંતુ તમામના ભાવ એક જ છે અને તે છે ભારતીયતા. અમે એ દેશના રહેવાસીઓ છીએ જ્યાં સૈંકડો ભાષા અને બોલી છે. દુનિયાના પંથ છે. છતાં અમે એક બનીને, નેક બનીને આગળ વધી રહ્યા છીએ. દુનિયા સાથે જોડાઇ જવા માટે આ અમારી સૌથી મોટી તાકાત છે. આ જ મૂલ્યો આપણને સહેજતાથી વિશ્વબંધુ બનાવે છે. પીએમ મોદીએ PUSHP (પુષ્પ)નો મંત્ર આપ્યો હતો. તેમણે કહ્યું કે પી મતલબ પ્રોગ્રેસિવ ભારત, યુ મતલબ અનસ્ટોપેબલ ભારત, એસ મતલબ સ્પ્રિચ્યુઅલ ભારત, એચ મતલબ હ્યુમેનિટી ફર્સ્ટને સમર્પિત ભારત, પી મતલબ પ્રોસ્પેરસ (સમૃદ્ધ) ભારત. આ પુષ્પની પાંચ પંખુડી એક થઇને જ વિકસિત ભારત બનાવશે. તેમણે કહ્યુંકે પ્રથમ દિવસથી જ મારું મન અને મિશન સ્પષ્ટ રહ્યું છે. હું સ્વરાજ માટે જીવન આપી શક્યો નથી. પરંતુ નક્કી કર્યુંછે કે સુરાજ અને સમૃદ્ધ ભારત માટે જીવન સમર્પિત કરીશ. ભારત હવે તકોની ધરતી છે. હવે તે તકોની રાહ નથી જોતું, તકોનું નિર્માણ કરે છે. આજે ભારતનું પજી માર્કેટ અમેરિકાથી વધુછે. હવે ભારત પાછળ નથી ચાલતું, નવી વ્યવસ્થા બનાવે છે અને નેતૃત્વ કરે છે. ભારત હવે રૂકવાનું નથી કે થમવાનું નથી.

## નિયમો આધારિત વૈશ્વિક વ્યવસ્થાને સમર્થનઃ મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ન્યૂયોર્ક, તા.૨૩ઃ અમેરિકામાં યોજાયેલી ક્વાડ દેશોની વાર્ષિક સમીટમાં ચીનને ધ્યાનમાં રાખીને ઈન્ડો પેસિફિક રિજન માટે દરિયાઈ સુરક્ષા સહયોગને વિસ્તૃત કરવાના શ્રેણીબદ્ધ મોટા પગલાંની જાહેરાત કરી હતી તથા યુક્રેનમાં કાયમી શાંતિની હાકલ કરાઈ હતી. ચીનનું નામ લીધા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ક્વોડ સંગઠન નિયમો આધારિત વૈશ્વિક વ્યવસ્થા માટે છે તથા તે રાષ્ટ્રોના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરે છે. સમીટમાં અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઇડન, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની આલ્બેનિસે હાજરી આપી હતી. જો બાઈડેન દ્વારા તેમના વતન રાજ્ય ડેલાવેર ખાતે યોજાયેલી સમિટમાં નેતાઓએ ચીનનું સીધું નામ લીધા વગર પૂર્વ અને દક્ષિણ ચીન સમુદ્રની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી તથા કોસ્ટ ગાર્ડ તથા દરિયાઈ લશ્કરી જહાજોના ખતરનાક ઉપયોગની નિંદા કરી હતી. ઈન્ડો-પેસિફિક રિજનમાં ચીનની વધતી જતી દાદાગીરી અંગે વધતી જતી વૈશ્વિક ચિંતાઓ વચ્ચે ક્વાડ નેતાઓએ બળજબરીથી યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કરતી કોઈપણ એકપક્ષીય કાર્યવાહીનો સખત વિરોધ કર્યો હતો. મુક્ત, ખુલ્લા, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકને ક્વોડની સહિયારી પ્રાથમિકતા ગણાવીને પોતાના સંબંધોનમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિશ્વ તણાવ અને સંઘર્ષોથી ઘેરાયેલું છે ત્યારે આપણી બેઠક યોજાઈ રહી છે. આવી સ્થિતિમાં માનવતાના કલ્યાણ માટે આપણા સહિયારા લોકતાંત્રિક મૂલ્યોના રક્ષણ માટે એકજૂથ થવું ક્વાડ માટે મહત્ત્વપૂર્ણ છે. અમે કોઈની વિરુદ્ધ નથી. અમે બધા નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને સમર્થન આપીએ છીએ તથા સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરીએ છીએ અને તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ નિરાકરણનું સમર્થન કરીએ છીએ.

## છત્તીસગઢમાં વીજળી પડવાથી ચાર બાળકો સહિત આઠ લોકોના મૃત્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

છત્તીસગઢ,તા.૨૩: છત્તીસગઢના રાજનાંદગાંવ જિલ્લાના જોરાતરાઈ ગામમાં વીજળી પડવાથી ચાર બાળકો સહિત આઠ લોકોના મોત થયા છે. મળતી માહિતી મુજબ તમામ લોકો પાનની દુકાન પાસેના કમ્પાઉન્ડમાં રોકાયા હતા. દરમિયાન જોરદાર ગડગડાટ સાથે વીજળી પડી અને ત્યાં હાજર ૪ બાળકો અને અન્ય લોકો તેની ઝપેટમાં આવી ગયા. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

માહિતી મળ્યા બાદ કલેક્ટર, એસપી અને જિલ્લા શિક્ષણાધિકારી પણ ઘટનાસ્થળે રવાના થયા હતા. આ ઘટનામાં એક વ્યક્તિ દાઝી ગયો છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. માહિતી મળતાં જ આરોગ્ય વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે એક્સ હેન્ડલ પર લખ્યું, "રાજનાંદગાંવના જોરાતરાય ગામમાં વીજળી પડવાથી ૪ શાળાના બાળકો સહિત ૮ લોકોના મોતના સમાચાર અત્યંત હૃદયદ્રાવક છે."

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવારે સવારે લગભગ ૧.૩૦ વાગ્યે જિલ્લાના સોમની પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જોરાતરાય ગામમાં વીજળી પડવાને કારણે કેટલાક શાળાના બાળકો સહિત આઠ લોકોના મોત થયા હતા અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો હતો.

રાજનાંદગાંવ જિલ્લાના પોલીસ અધિક્ષક મોહિત ગર્ગે જણાવ્યું હતું કે પ્રાથમિક માહિતી અનુસાર વીજળી પડવાથી કેટલાક શાળાના બાળકો સહિત આઠ લોકોના મોત થયા છે. આ સિવાય એક વ્યક્તિ ઘાયલ થવાના સમાચાર છે, જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ ઘટનાની માહિતી મળતાની સાથે જ વરિષ્ઠ વહીવટી અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.




## રિગ્રીન-એક્સેલ ઈપીસી ઈન્ડિયા લિ. આઈપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

સુરત, તા. ૨૨ : રિગ્રીન એક્સેલ ઈપીસી ઈન્ડિયા લિમિટેડે માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ ડ્રાફ્ટ રેડ હિયરિંગ પ્રોસ્પેક્ટ્સ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. રિગ્રીન-એક્સેલ ઈપીસી ઈથેનોલ પ્લાન્ટ્સ (ડિસ્ટિલરી, સુગર અને કોજનરેશન, બાયો ફ્યુલ્સ, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ સિસ્ટમ્સ અને રિન્યુએબલ એનર્જી)ની યંગેસ્ટ મેન્યુફેક્ચરર અને સપ્લાયર છે, ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં ભારતમાં ટોચની કંપનીઓ પૈકી એક છે. (સ્રોત: F&S રિપોર્ટ). કંપની પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) મારફત ફ્રેશ ઈશ્યૂ હેઠળ રૂ. ૩૫૦૦ મિલિયન અને પ્રમોટર દ્વારા ૧,૧૪,૫૦,૩૮૦ ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ કરવા માગે છે.

કંપની ફ્રેશ ઈશ્યૂ મારફત એકત્રિત ફંડનો ઉપયોગ કંપનીની મૂડી ખર્ચની જરૂરિયાતો પૂરી કરવા, બાકી દેવાની સંપૂર્ણ અથવા આંશિક ધોરણે ચૂકવણી, પ્રિ-ચૂકવણી, બેન્ક ગેરેંટી હાંસલ કરવાના હેતુ સાથે માર્જિન નાણાંની જરૂરિયાતો પૂરી કરવા અને જનરલ કોર્પોરેટ હેતુઓ પૂરા કરવા કરશે. ઈશ્યૂના બુક રનિંગ મેનેજર આઈઆઈએફએલ સિક્યુરિટીઝ લિમિટેડ અને આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ લિમિટેડ છે.

## દમણ રેડિયો

**102.3 FM**

<u>મંગળવાર</u>

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરિત માણસગાન ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - વણ માધુરી (દમણથી), ૯.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૧૦.૩૦ અમદાવાદ વડોદરાથી પ્રસારિત કાર્યક્રમો, ૦૧. ૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. (સાજે પાંચ.૩૦ વાગ્યા સુધી)

**સાંજે :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭-૨૦ કિસાન વાણી (દમણથી), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ - સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૨૪-૦૯-૨૦૨૪, **વાર:** મંગળવાર, **તિથિ:** સાતમ **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૦૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૬ **ચંદ્રરાશિ:** મિથુન

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.

**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.

**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાની મુલાકાતોનો ધમધમાટ રહ્યો, ભાજપ સંગઠન અને વહીવટ તંત્રની ધમધમાટ રહી

# વાપીમાં કેન્દ્રીય મંત્રી હરિયા-ESIC હોસ્પિટલો, મુક્તિધામ, વાપી ગ્રીનની મુલાકાત લીધી





(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ જિલ્લાના પ્રવાસ દરમિયાન ભારત સરકારના કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયા વાપી ખાતે ગુજરાત સરકારના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈ સાથે વાપીની હરિયા રોટરી હોસ્પિટલ અને વાપી GIDC સ્થિત ESIC હોસ્પિટલ, મુક્તિધામ,વાપી ગ્રીન એન્વાયરમેન્ટ કંપની લિમિટેડ (VGEL)ની મુલાકાત લીધી હતી.

હોસ્પિટલના વિવિધ બોર્ડનું નિરીક્ષણ કર્યું હતું સાથે હોસ્પિટલમાં ICU અને જનરલ વોર્ડમાં દર્દીઓને સારવાર અંગે મળતી સુવિધાઓ અને સગવડ જાણી હતી. વિવિધ બોર્ડમાં દર્દીઓની મુલાકાત લઇ મળતી સગવડ અંગે માહિતી મેળવી હતી. હોસ્પિટલના ઇન્ચાર્જ ડોક્ટર અને હોસ્પિટલના અન્ય ડોક્ટર્સ, સ્ટાફ કર્મચારીઓને દર્દીઓને વધુ સગવડ અને સુવ્યવસ્થિત ટ્રીટમેન્ટ મળી રહે એ માટે સૂચનો પણ કર્યા હતા. સાથે નવા હોસ્પિટલ અત્યાધુનિક ટ્રીટમેન્ટ લેબ્સ અને વોર્ડ યુનિટની મુલાકાત લીધી હતી. હોસ્પિટલની સુવિધાઓ અને અત્યાધુનિક ટ્રીટમેન્ટ અને દર્દીઓને મળતી સારવાર જોઈ ટ્રસ્ટીગણને મળી અને કામગીરીની સરાહના કરી હતી અને અને તમામ ડોક્ટર્સને અભિનંદન પાઠવ્યા હતા આ સમયે હોસ્પિટલ સ્ટાફ હાજર રહ્યા હતા.

આ મુક્તિધામની આજથી સાત વર્ષ અગાઉ આદરણીય કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા દ્વારા જ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે આ અત્યાધુનિક અને સુવ્યવસ્થિત મુક્તિધામની મુલાકાત લઈ કાર્યપદ્ધતિની સરાહના કરી હતી. મંત્રીએ મુક્તિધામના સંચાલનમાં કાર્યરત મહિલાઓની મુલાકાત કરી અભિનંદન આપ્યા હતા તેમજ વ્યવસ્થા અંગે જાણકારી મેળવી હતી. આ સમયે મુક્તિધામના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાપી ગ્રીન એન્વાયરમેન્ટ કંપની લિમિટેડ જીઆઇડીસીની વિવિધ કંપનીઓના ડ્રેનેજ મારફતે મળતા પાણીનું પાણી શુદ્ધિકરણના નોર્મ્સ પ્રમાણે ટ્રીટમેન્ટ કરી આગળની પ્રક્રિયા પૂર્ણ કરી શુદ્ધિકરણ કરે છે. મંત્રીએ પાણી શુદ્ધિકરણના યુનિટની મુલાકાત લઈ પાણી શુદ્ધિકરણની પ્રક્રિયા અંગે જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે વલસાડ જિલ્લા કલેક્ટર એન.એન.દવે, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ, અને વાપી નોટિફાઇડ પ્રમુખ હેમંતભાઈ પટેલ, વાપી નગરપાલિકા પ્રમુખ પંકજભાઈ પટેલ, વાપી નગરપાલિકા કારોબારી ચેરમેન મનોજભાઈ પટેલ, મુક્તિધામના ટ્રસ્ટી એલ.એન.ગર્ગ, યોગેશભાઈ કાબરીયા, મિલનભાઈ દેસાઈ, મિતેશભાઈ દેસાઈ, અગ્રણી ઉદ્યોગપતિઓ અને યુનિટના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## દમણ જિલ્લા ઈન્ટર સ્કૂલ બીચ વોલીબોલ સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૩ :** દમણ જિલ્લા ઈન્ટર સ્કૂલ બીચ વોલીબોલ સ્પર્ધાનું આયોજન દમણ જિલ્લા ઈન્ટર સ્કૂલ ટુર્નામેન્ટમાં અલગ અલગ રમતોની સ્પર્ધા થઇ રહી છે. દમણની શાળાના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. જેમાં દિવ્ય જ્યોત ઇંગલિશ મીડીયમ અને દિવ્ય જ્યોત હિન્દી મીડિયમના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં અંડર ૧૯માં ઇંગ્લીશ મીડીયમથી ક્રિષ્ના ભારતીય અને અભિષેક કરાવ તેમજ હિન્દી મીડીયમથી આદર્શ ભારતીય અને કરણ શરમાએ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. દિવ્ય જ્યોત ઇંગ્લીશ મીડીયમ અને દિવ્યજ્યોત હિન્દી મીડિયમના વિદ્યાર્થીઓએ ફાઇનલમાં એકબીજા સામે મેચ રમી હતી. જેમાં ઇંગલિશ મીડીયમ વિજેતા રહી અને હિન્દી મીડિયમ રનરઅપ રહ્યા હતા. રમત વિભાગના અધિકારીઓ તરફથી વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. શાળાના સંચાલક આચાર્ય વ્યાયામ શિક્ષકો અને શાળા પરિવારથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

## ફણસામાં દર રવિવારે GPSC અને UPSC ના કોચિંગ ક્લાસનું વિનામૂલ્યે આયોજન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૩ :** ફણસા ખાતે અનોખી પહેલ સૌપ્રથમ વખત GPSC અને UPSC ના કોચિંગ ક્લાસનું તમામ સમાજના દરેક વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે દર રવિવારે જ સવારે ૧૦ વાગ્યે આયોજન કરાયું છે.

આ સાથે જણાવવાનું કે આપણા વિસ્તારમાં રહેલા વિદ્યાર્થીઓને સરકારી નોકરી મળી રહે અને સરકારી અધિકારી બની શકે તે માટે સરકારી નોકરીની પરીક્ષાઓ GPSC કે UPSC દ્વારા તલાટી-મામલતદાર-બેંક મેનેજર-ક્લાર્ક-પોલીસ કોંસ્ટેબલ-PSI-ઓફિસર બનવા માટેની સરકારી પરીક્ષાઓની તૈયારીઓ કરાવવા માટે વિદ્યાર્થીઓને વ્યવસ્થિત કોચિંગ મળી રહે, સરકારી પરીક્ષાઓ માટે યોગ્ય માર્ગદર્શન (અવેરનેસ) મળી રહે, તે હેતુથી કોળી પટેલ સમાજ સાંસ્કૃતિક ભવન ફણસા ખાતે માત્ર દર રવિવારે જ સવારે ૧૦ વાગ્યે રેગ્યુલર કોચિંગ ક્લાસ ચાલી રહ્યા છે. આ ક્લાસમાં વલસાડ-વાપી-પારડી-ભીલાડ-સરીગામ-સેલવાસ-દમણ-ઉમરગામ તેમજ સંજાણના વિદ્યાર્થીઓ જોડાઈ રહ્યા છે કે જે તમામ સમાજના દરેક વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે છે. આ બધી જ સરકારી પરીક્ષાની ભરતીઓ માટેની તૈયારી કરાવવા માટે અને તેમને યોગ્ય માર્ગદર્શન અને કોચિંગ તેમજ ગાઈડ આપવા માટે અક્ષર અને નીરવ પબ્લિકેશન માટે ૫૫ બૂકો લખનાર તેમજ ૧૫ વર્ષનો સ્પર્ધાત્મક પરીક્ષાઓનો અનુભવ ધરાવનાર નિષ્ણાત શિક્ષક ડો. રાહુલ દિવાન (Ph.D, M.Phil, LLB, MA, B.Ed., GSET) દ્વારા થઈ રહ્યું છે.

આપણા વિસ્તારમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવે તેવા કોચિંગ ક્લાસ ખૂબ જ ઓછા જોવા મળે છે અને તેમાં ફીસ પણ હોય છે. તે વિચારીને જ આપણા વિસ્તારના વિદ્યાર્થીઓ સરકારી નોકરી પાસ કરી શકે તે માટે ઉમરગામમાં સૌપ્રથમ વખત જ ગરીબ અને મધ્યમ વર્ગના માતા પિતાના સંતાનો પણ સરકારી નોકરી માટેની પરીક્ષા પાસ કરીને સરકારી અધિકારી બનીને સમાજ અને પરિવારનું ગૌરવ વધારી શકે તે હેતુથી આ GPSC અને UPSCના કોચિંગ ક્લાસનું સુંદર અને વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે કે જેમાં દરેક સમાજના વિદ્યાર્થીઓને જોડાવા માટે વિનંતી કરવામાં આવે છે તેમજ માતા પિતા કે આ માહિતી વાંચનાર પણ તેમની આસપાસ રહેતા વિદ્યાર્થીઓને જણાવીને અવગત કરાવી શકે છે.

ગવર્નમેન્ટ જોબની પરીક્ષાઓ પાસ કરવા માટેના કોચીંગ કલાસમાં જોડાવા ઈચ્છતા વિધાર્થીઓએ જીનલ પટેલ (મોબાઈલ નં ૯૯૨૫૦૫૨૭૮૭) પર સંપર્ક કરી શકે છે.

## લાયન્સ ક્લબ વાપી ઉદ્યોગ નગર દ્વારા માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ વિશે સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** શ્રી આર.કે. દેસાઈ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ વિશે સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રમુખ પ્રવિણાબેન શાહે આવકાર પ્રવચનની સાથે જણાવ્યું કે આજના સમયમાં નર્સરીમાં ભણતા બાળકથી લઈને મોટી ઉંમરના વૃદ્ધોમાં સ્ટ્રેસ, ડિપ્રેશન, ટેન્શન જેવા શબ્દો અવારનવાર સાંભળવામાં આવે છે. જે સમાજ માટે ભયજનક છે. મુખ્ય વક્તા બી.કે. સોનમ બેને જણાવ્યું કે જો આપણે આપણા મનને સ્વસ્થ બનાવવા માંગતા હોઈએ. તો આપણા વિચારો પર ધ્યાન આપવું અતિ આવશ્યક છે. આજના નકારાત્મક વાતાવરણમાં આપણા વિચારોને સકારાત્મક રાખવાનો અભ્યાસ આવશ્યક છે. તમારા શુદ્ધ વિચારો જ તમારા ભવિષ્યનો નિર્માણ કરે છે. જેમ શરીરને સ્વસ્થ રાખવા શુદ્ધ ભોજન, આરામ અને વ્યાયામની જરૂર છે. તેમ મનને સ્વસ્થ રાખવા સારા વિચારો રૂપી ભોજન, સત્યજ્ઞાન રૂપી વ્યાયામ અને મેડીટેશન રૂપી આરામ આપવો બહુ જરૂરી છે. બ્રહ્માકુમારી વાપી, મુખ્ય શાખા ના વડા બી.કે. રશ્મિબેન ના માર્ગદર્શન, પ્રિન્સિપલ શ્રી શીતલ ગાંધી, કેમ્પસ કોર્ડીનેટર મિતાલીબેન અને કોલેજના સ્ટાફનો સહકાર, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, લાયન્સ ક્લબના સભ્યોની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



### સ્વચ્છતા હી સેવા અભિયાન

## નવસારીના ૫૮ ગામોમાં મનરેગા અને સ્વચ્છ ભારત મિશનના કન્વર્ઝનના કામોનું ખાતમુહૂર્ત

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૨૩ :** સ્વભાવ-સ્વચ્છતા, સંસ્કાર-સ્વચ્છતાના ધ્યેય સાથે તથા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત નવસારી જિલ્લામાં મનરેગા અને સ્વચ્છ ભારત મિશનના કન્વર્ઝનના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

સ્વચ્છતા હી સેવા અંતર્ગત નવસારી જિલ્લાના ૫૮ ગામોમાં મનરેગા અને સ્વચ્છ ભારત મિશનના કન્વર્ઝન અંતર્ગત સામુહિક સોક્પિટ ૮૦ અને વ્યક્તિગત શોકપીટ ૯૮૨ અને વ્યક્તિગત કમ્પોસ્ટપીટ ૬૦ કામોના તેમજ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજનાના સામુહિક કમ્પોસ્ટપીટ ૮૪ અને સેગ્રીગેસન સેડ ૩ નું ખાતમુહૂર્ત તાલુકા કક્ષાએથી ગામના આગેવાનોના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

## કાકડકોપર ખાતે રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૩:** કપરાડા તાલુકાના કાકડકોપર ખાતે સાતમાં ''રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૪'' અંતર્ગત આઈ.સી.ડી.એસ. કપરાડા ઘટક-૦૨ના મોટાપોંઢા સેજાના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા લોકજાગૃતિ માટે જન આંદોલનના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા આંગણવાડી કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ ઘરે ઘરે સુધી કરવામાં આવતી કામગીરીને બિરદાવી પ્રોત્સાહન પુરુ પાડવામાં હતું. સીડીપીઓએ ગામ લોકોને આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ નિયમિત લાભ લેવા, સહભાગી થવા અને પોષણની સ્થિતિ અંગે માહિતગાર રહેવા અપીલ કરી હતી.

પોષણ માસની ઉજવણીમાં મોટાપોંઢા ગામના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પોષણની પાંચ થીમ ''એનેમીયા નિવારણ, ગ્રોથ મોનીટરીંગ, પૂરક પોષણ, પોષણ ભી પઢાઇ ભી, સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ રીતે સેવાઓ પહોંચાાડવા માટે ટેકનોલોજી'' વગેરે અંગે તૈયાર કરેલ પોસ્ટર દ્વારા પ્રદર્શન કરી સમજ આપવામાં આવી હતી. લાભાર્થીઓને દાતાઓ તરફથી મળેલ ગોળ, ખજુર, શીંગદાણા અને મગની પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભંડારકચ્છ-૧ અને ઓઝર-૧ કેન્દ્રના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પોષણનું ગીત રજુ કરી આઈસીડીએસની તમામ સેવાઓનો લાભ લેવા માટે લાભાર્થીને જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યકર બહેનો દ્વારા પરંપરાગત રીતે બનતી અને વિસરાતી જતી વાનગીઓ, ટીએચઆર અને મિલેટ્સમાંથી બનતી વાનગીઓનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. રંગોળી દ્વારા જંકફુડથી દુર રહી હેલ્ધી ફુડના ઉપયોગ અંગે માર્ગદર્શન અપાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સુત્રસંચાલન મોટાપોંઢા-૦૪ ના આંગણવાડી કાર્યકર બહેન અને સેજા સુપરવાઇઝર દ્વારા કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય પોષણ માસની તમામ ઉજવણી અને સફળ સંચાલન આઈસીડીએસ શાખાના પ્રોગ્રામ ઑફિસરના માર્ગદર્શન હેઠળ આઈસીડીએસ કપરાડા ઘટક-૨ ની ટીમ, બીએનએમ અને પા પા પગલી ઈન્સ્ટ્રક્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાકડકોપર ગામના સરપંચ, માજી સરપંચ, તલાટી કમ મંત્રી અને કપરાડા ઘટક-૨ ના સીડીપીઓ હાજર રહ્યા હતા.

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો : www.damangangatimes.com

### પ્રવાસીઓનાં મનોરંજન માટે ઉપયોગમાં લેવાતા

## સાપુતારામાં ઘોડા અને ઉંટની તંદુરસ્તીની તપાસ કરાઇ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૩:** રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે રોજબરોજ અસંખ્ય પ્રવાસીઓ ઉમટી પડે છે.સાપુતારા ખાતે ફરવા આવતા પ્રવાસીઓને સુવ્યવસ્થિત મનોરંજન મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્રની ટીમ સજાગ બની છે. ગિરિમથક સાપુતારાનાં વિવિધ સ્થળોએ પ્રવાસીઓને આકર્ષવા માટે ચાલતી હોર્સ રાઈડ અને કેમલ રાઈડમાં ઉપયોગમાં લેવાતા ઘોડા અને ઉંટ તંદુરસ્ત રાખવામાં આવે છે કે કેમ તથા આ પશુઓની માલિકો દ્વારા યોગ્ય કાળજી રાખવામાં આવે છે કે નહી તે અંગે સાપુતારા નોટિફાઈડ એરીયા કચેરી દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાનાં કલેક્ટર મહેશભાઈ પટેલે સાપુતારામાં પ્રવાસીઓના મનોરંજન માટે ઉપયોગમાં લેવાતા ઘોડા અને ઉંટની તંદુરસ્તીની તપાસ અંગે સૂચના આપવામાં આવી હતી. જે સૂચનાનાં આધારે સાપુતારા નોટીફાઈડ એરીયા કચેરીનાં ચીફ ઓફિસર સાગર મોવાલીયા તથા નાયબ મામલતદાર પી.વી.પરમાર તેમજ નાયબ પશુપાલન નિયામકની ટીમ દ્વારા આ આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. અહી સાપુતારા નોટિફાઇડ એરિયા કચેરીનાં નાયબ મામલતદાર પી.વી.પરમારનાં માર્ગદર્શન હેઠળ પશુ ચિકિત્સા અધિકારી ડો. વિષ્ણુ આર.પાલવા અને ડો. વિરલ જે.પટેલની ટીમે મનોરંજન માટે ઉપયોગમાં લેવાતા કુલ ૨૯ જેટલા ઘોડા અને ઊંટનાં સ્વાસ્થ્યની તપાસણી કરી આ પશુઓનાં માલિકોને સુચનોની સાથે સુલભ માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ. સાથે ઘોડા અને ઊંટનાં માલિકોને સમયસર કાળજી રાખવા અનુરોધ કરાયો હતો. ગિરિમથક સાપુતારા ખાતે મનોરંજન માટે ઉપયોગમાં લેવાતા ઘોડા અને ઊંટોની તપાસ દ્વારા પ્રવાસીઓને સુરક્ષિત અને આનંદદાયક અનુભવ પ્રદાન થાય અને પશુઓની સુખાકારી સુનિશ્ચિત થાય તેવો આશય હોવાનું નાયબ મામલતદાર પી.વી.પરમારે જણાવ્યુ હતું.

## સાપુતારાનાં ટેબલ પોઈન્ટ માર્ગ ઉપર સ્કોર્પિયો ગાડી રિવર્સમાં આવી લોખંડનાં ગ્રીલ સાથે ભટકાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૩:** મહારાષ્ટ્રનાં ધુલીયા માલેગામથી મરાઠી પ્રવાસીઓ તેઓની સ્કોર્પિયો ગાડી.ન. MH.૦૬.BM.૧૫૭૫માં સવાર થઈ સાપુતારા ખાતે ફરવા આવ્યા હતા. સાપુતારાનાં જોવાલાયક સ્થળો નિહાળી તેઓ સાપુતારાનાં ટેબલ પોઈંટ ખાતે જઈ રહ્યા હતા. તે વેળાએ ટેબલ પોઈંટનાં ચઢાણમાં ચઢતી વેળા સ્કોર્પિયો ગાડીનો બ્રેક ફેઈલ થતા આ સ્કોર્પિયો રિવર્સમાં પુરપાટવેગે પાછળ આવી લોખંડનાં ડિવાઈડર સાથે ભટકાઈને થંભી જતા ખીણમ ખાબકતા બચી ગઈ હતી. અહી સ્કોર્પિયો ગાડી સ્થળ પર લોખંડનાં ડિવાઈડર સાથે થંભી જતા અકસ્માત સર્જાવાની સાથે મોટી દુર્ઘટના ટળી હતી.આ સ્કોર્પિયો ગાડીમાં સવાર ૬ જેટલા મરાઠી પ્રવાસીઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડી રહી છે. જ્યારે સ્કોર્પિયો ગાડીનાં ચેસીસનાં ભાગે જંગી નુકસાન થયુ હતુ.

## આહવામાં આધેડે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૩:** ડાંગ જિલ્લાનાં આહવા પી.ડબલ્યુ.ડી. કોલોની રિમાન્ડ હોમની પાછળ રહેતા રવીન્દ્ર (બાળુ) કાશીનાથ માળીએ રવિવારની સાંજે અચાનક ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ ઘટનાથી આહવા નગરમાં શોકનું મોજું ફરી વળ્યુ હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર, આહવા પી.ડબલ્યુ.ડી. કોલોની રિમાન્ડ હોમની પાછળ રહેતા રવીન્દ્ર માળીની પત્ની જતી રહેતા છેલ્લા ત્રણેક વર્ષથી એકલા જ રહેતા હતા. ત્યારે રવિવારના રોજ રાત્રે નવેક વાગે તેમના મોટાભાઈ અશોક કે. માળી તેમને જમવા માટે બોલાવવા માટે ગયા ત્યારે દરવાજો ખુલ્લો હતો, પરંતુ પરદો લગાવેલો હતો. અશોકભાઈએ રવીન્દ્રને બૂમ મારી પરંતુ કોઈ જવાબ ન મળતા તેમણે પરદો સરકાવી જોયું તો રવીન્દ્ર દરવાજા પાસે છતની એંગલ સાથે નાયલોનની દોરી બાંધી લટકેલી હાલતમાં જોવા મળ્યા હતા. આ દ્રશ્ય જોઈને અશોકભાઈ હેબતાઈ ગયા અને બૂમાબૂમ કરીને પરિવાર અને આજુબાજુના લોકોને બોલાવ્યા. જ્યારે બધા લોકો દોડી આવ્યા ત્યારે રવીન્દ્રભાઈ ઘૂંટણિયે જમીન પર લટકેલી હાલતમાં જોવા મળ્યા હતા.આ સમગ્ર ઘટનાની જાણ આહવા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવતા આહવા પોલીસ મથકનાં પી.આઈ.ડી.કે.ચૌધરી તથા પી.એસ.આઈ.એ.એચ.પટેલની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.અને સ્થળ પરથી લાશનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે..

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
Department of Land Acquisition- Dadra and Nagar Haveli
NOTICE
Purpose: Publishing the E-tender Notice for Hiring of 02 Surveyors.
No. LAQ/DNH/E-Tender/2-Surveyors/2024-25/364 dated 18.09.2024.
Note: Details can be downloaded from https://cdn.s3waas.gov.in/s35878a7ab84fb43402106c575658472fa/uploads/2024/02/2024020127.pdf or by scanning the QR code.
Land Acquisition Officer, Dadra & Nagar Haveli
NO:IP/DMN/2/5/2024-25/685 dated : 23/9/2024

# સાસુ તારા સંભારણા

સાસરૂ એટલે સાસરું..! અમુક ભાગ્યશાળી જમાઈને તો એ પ્રાણ પ્રિય હોય..! સાસરા તેરા આશરાની જેમ, સાસરામાં એવા ઝામી પડે કે, ફીટે નહિ. સાસુ-સસરાની છત્રછાયામાં જ શ્વાસની આપ-લે કરતાં હોય..! સાસુને મામી કરતા પણ વધારે વ્હાલા હોય. ખુદના દીકરા એટલે કે, જમાઈના સાળાને પણ એની અદેખાય આવે..! શાસ્ત્રોએ ભલે ૬૮ તીરથ બતાવ્યા હોય, પણ પ.પૂ. ૧૧૧૧ શ્રી ચમનીયાસ્વામીનું કહેવું છે કે, જમાઈનું સાસરું એ સંસારનું બિન આધ્યાત્મિક ૬૯મું તીરથ છે. જમાઈ સાસરે જાય એટલે જલસા જ જલસા..! સાસરું એટલે જમાઈનું સાંસારિક તીરથ..! તમામ સગાવ્હાલા કરતાં, જમાઈ VIP કેટેગરીમાં આવે. પછી ભલે ને જમાઈ કડવા કારેલા જેવો કડવો કેમ ના હોય..? જમાઈ ઘરડો થાય તો પણ, સાસરાનો 'કુમાર' જ રહે. યમરાજ કરતા પણ જમાઈરાજનું સ્થાન સાસરામાં ઊંચું. સાસુનોતો એટલો લાડકો કે, ઘરમાં દેવ પધાર્યા હોય એવી લાલી આવી જાય..! સાસુ એ સમાજનું એવું પાત્ર છે કે, જમાઈ પક્ષે ગુણીયલ અને વહુ પક્ષે આદિકાળથી વગોવાતું આવ્યું. જમાઈની સાસુ સીતા જેવી ને વહુની સાસુ સુર્પણખા હોય એમ, એક પણ યુગમાં જશ પામી નથી. બુદ્ધિજીવીઓ આજે પણ ગોથા ખાય છે કે, સાસુ કર્તામાં આવે, કર્મમાં આવે કે, ક્રિયાપદ છે. શાસ્ત્રોએ ભલે ૬૮ તીરથ બતાવ્યા હોય, પણ પ.પૂ. ૧૧૧૧ શ્રી ચમનીયાસ્વામીનું કહેવું છે કે, જમાઈનું સાસરું એ સંસારનું બિન આધ્યાત્મિક ૬૯મું તીરથ છે. જમાઈ સાસરે જાય એટલે જલસા જ જલસા..! એક એવું તીરથ કે, જ્યાં તમામ સગાવ્હાલા કરતાં, જમાઈ હંમેશા VIP હોય. પછી ભલે ને જમાઈ કડવા કારેલા જેવો કેમ નાં હોય..? જમાઈ ઘરડો થઇ જાય તો પણ, સાસુ-સસરા માટે એ 'કુમાર' ની કેટેગરીમાં જ હોય. કન્યાના દાન દાતાનો એ ગુણીયલ વ્યવહાર છે.

એના કપાળમાં કાંદા ફોડે મુદ્દાની વાત એ છે કે, જેટલો મલાજો સાસરામાં કુમારનો રખાય, એટલો 'પ્રેમધોધ' ઘણી જગ્યાએ દીકરીની સાસુ વરસાવતી નથી. વરસાવે તો જંગલમાં મંગલ થઇ જાય..! લગન એ export import નો એક સામાજિક વ્યવહાર છે. એટલે તો કહેવાય છે કે, દીકરી




આપી ને દીકરો લીધો, પણ સાસુ જેવા ટોલનાકા એવા ખતરનાક હોય કે, પુત્રથી વધુ બનવાનો પ્રયાસ કરે તો પણ, વહુ નાક કરતાં મોંઢેથી શ્વાસ વધારે લે. હાંફી જાય બિચારી..! જમાઈને સાસરામાં જેટલું માન મળે, એટલું જ માન દીકરીને પણ એના સાસરામાં મળે, એવી શુભભાવના હોવી જોઈએ. પછી એવું નહિ કહેવાય કે, પિયરનું વાવાઝોડું જમાઈ સંભાળે એટલે જમાઈને સાસરામાં માન વધારે મળે..! સાસરું એ તીર્થ છે. પછી એ જમાઈનું હોય કે, ઘરની વહુનું હોય..! ત્રિવેણી સંગમ દરિયામાં જ થાય છે એવું નથી, સંસારમાં પણ થાય..! એટલે તો સંસારને પણ દરિયો કહ્યો છે...! માત્ર પ્રકાર જ જુદા હોય..!

ભગવાને દરેકને, ઓછામાં ઓછું એક સાસરું આપેલું છેકોઈને મુદ્દલે ના હોય કે, કોઈને બબ્બે ત્રણ-ત્રણ સાસરા હોય એ ભાગ્યની વાત છે. બાકી બંને જગ્યાએ સાસુ સસરાનો સ્ટોક તો રહેવાનો. ફેર એટલો કે, એક જગ્યાએ લીલાલહેર હોય, ક્યાં તો લંકાને અયોધ્યા જેટલો ફરક પણ હોય..! સાસુ ક્યાં તો લલીતા પવાર જેવી, પ્રત્યેક ક્યાં તો નિરૂપારોય જેવી પણ હોય..! માત્ર પાવરના 'વોલ્ટેજમાં જ ફરક,.! ક્યાં તો હાઈ વોલ્ટેજ હોય ક્યાં તો લો વોલ્ટેજ..! એક વાત પાકી કે, સાસુઓમાં જાસુસી પાવર તો રહેવાનો..! એમાં પતિની હાલત 'સેન્ડ-વિચ' જેવી થઇ જાય. લગન સુધી દીકરાનો ઉછેર મા કરે, અને લગન પછી એ જ દીકરાનો ઉછેર પતિભાવે પત્ની કરે એટલે સુનામી શરુ..! જેને લગન કહીએ છીએ, એ હરણ-વિધિ પૂરી થયા પછી જ વાદળો બંધાવા માંડે. અંબાણીના શેર રાતોરાત Down થઈ જાય, એમ મા ના ભાવ Down થવા માંડે. ૧૧૧૧ પ.પૂ. ચમનીયાસ્વામીનું કહેવું છે કે, 'સાસુઓ સાથે ભૂતકાળમાં બનેલી ઘટનાનો બદલો, વહુઓ પાસેથી વસુલ કરવાની લાલચે આવી સુનામી આવતી હોય. આવી સાસુઓ શેરીમાં 'ઢીલ્લી' ને ઘરમાં 'કડક' ઈસ્ત્રી જેવી હોય. જે સાસુને વહુને હાથમાં રાખતા

પણ આવડે, ને control કરતાં પણ આવડે એનું નામ સાસુ, બાકી વરને સુ-વર કહેવાય, પણ સાસુને કોઈએ સુ-સાસુ કહી નથી. હાસ્ય લેખિકા કલ્પના દેસાઈ લખે એમ, જેને બેઠી કે ઉભી દડીનું શરીર હોય, શોભે કે ના શોભે એવો કપાળ ઉપર લાલ ચટ્ટક મોટો ચાંદલો હોય, બધે નજર રાખે એવી કરાડી આંખો હોય, હાથમાં શો-પીસ જેવી માળા હોય, ને વાતે વાતે વાંકુ ચૂકું મોંઢું કરતી હોય એને સાસુ કહેવાય..! લોકસાહિત્ય તો એમ કહે છે કે, વહુ છાશવારે પિયર ભાગી નહિ જાય એ માટે, પિયરની દિશામાં ઓશીકું મુકીને વહુને સુવા પણ નહિ દેતી, એવી પણ સાસુઓ હતી..! સાસુ' શબ્દ પડે ને, વહુનું બ્લડ પ્રેસર ડિસ્કો કરવા માંડતુ. જોકે આ તો હસવા સહાવવાની વાત, બાકી આવું હોતું નથી. પણ જેમ 'સામાન્ય બુદ્ધિ' નું 'શોર્ટ-ફોર્મ' સા.બુ. કરીએ એમ, 'સા-સુ' નું શોર્ટ ફોર, 'સારી અને સુશીલ' કરવા માટે જોખમ નહિ લેવાય.

છૂટ એ વાતની મળે છે કે, સાસુ થવા માટે પરીક્ષા પાસ કરવાનો કોઈ કાયદો નથી. અને એ માટેના કોઈ ટ્રેનીંગ સેન્ટરો નથી. પણ સમયના પરિવર્તન સાથે આજકાલ સાસુ-વહુમાં પણ પરિવર્તન આવવા માંડ્યું. સામેથી સાસુ-વહુ બંને સાથે આવતી હોય તો બંને મેચિંગમાં હોય. બેમાંથી કોણ સાસુ ને કોણ વહુ છે, એ ઓળખવું હોય તો, ચશ્માં સાફ કરવા પડે..

**ચમનીયાસ્વામીનું કહેવું છે કે, 'સાસુઓ સાથે ભૂતકાળમાં બનેલી ઘટનાનો બદલો, વહુઓ પાસેથી વસુલ કરવાની લાલચે આવી સુનામી આવતી હોય. આવી સાસુઓ શેરીમાં 'ઢીલ્લી' ને ઘરમાં 'કડક' ઈસ્ત્રી જેવી હોય**

**લાસ્ટ બોલ**

ડાહ્યો માણસ સાસુ-વહુના ઝઘડામાં એટલે પડતો નથી કે, સાસુ-વહુના ઝઘડા કાતરના બે પાંખીયા જેવા હોય.

બંને પાંખીયા અવળી દિશામાં ગતિ કરે. એમાં જો કોઈ વચ્ચે પડવા ગયું તો એ આખો ને આખો વેતરાય જાય..! તારા કપાળમાં કાંદા ફોડું..!

# મૃત્યુ બાદ કંઇ દૌલત કામમાં આવે છે ?

**પ્રાસંગિક**

કાલે રાત્રે મેં એક સપનું જોયું કે મારૂં મૃત્યુ થયું છે.જીવનમાં કેટલાંક સારા કર્મ કર્યા હશે એટલે યમરાજા મને સ્વર્ગમાં લઇ ગયા.દેવરાજ ઇન્દ્રે હંસીને મારૂં સ્વાગત કર્યું અને મારા હાથમાં બેગ હતી તે જોઇને મને પુછ્યું કે આ બેગમાં શું છે? ત્યારે મેં કહ્યુ કે તેમાં મારા જીવનભરની કમાણી પાંચ કરોડ રૂપીયા છે.ઇન્દ્રરાજાએ SVN-૦૭૦૮૧૯૭૫ નંબરના લોકર તરફ ઇશારો કરીને કહ્યું કે તમારી અમાનત તેમાં મુકી દો.

મેં તેમાં મારી બેગને મુકી દીધી,મને રહેવા માટે એક રૂમ આપવામાં આવ્યો,પછી હું ત્યાંના માર્કેટમાં ફરવા માટે નીકળ્યો. દેવલોકના શોપિંગ મૉલમાં અદભૂત વસ્તુઓ જોઇને મારૂં મન લલચાય છે.મેં કેટલીક ચીજવસ્તુઓ પસંદ કરીને બાસ્કેટમાં મુકી અને કાઉન્ટર ઉપર જઇને કેશિયરને બે હજારની કકડતી નોટો આપવા લાગ્યો.

મેનેજરે નોટોને જોઇને કહ્યું કે આ કરન્સી અહીયાં ચાલતી નથી.આ સાંભળીને મને નવાઇ લાગે છે. મેં ઇન્દ્રરાજા પાસે જઇને ફરીયાદ કરી તો ઇન્દ્રરાજાએ હંસીને કહ્યું કે આપ વેપારી થઇને પણ એટલું નથી જાણતા કે તમારી કરન્સી બાજુના દેશ પાકિસ્તાન,શ્રીલંકા કે બાંગ્લાદેશમાં પણ ચાલતી નથી અને આપ મૃત્યુલોકની કરન્સી સ્વર્ગલોકમાં ચલાવવાની મૂર્ખતા કરી રહ્યા છો ?

આ સાંભળીને હું ઘણો જ નિરાશ થઇ ગયો અને જોર જોરથી બૂમો પાડીને રડવા લાગ્યો અને ઇશ્વરને દરખાસ્તના રૂપમાં પ્રાર્થના કરવા લાગ્યો કે હે ઇશ્વર ! આ શું થઇ ગયું? મેં કેટલી મહેનતથી આ પૈસા કમાવ્યા છે અને તેના માટે મેં રાત-દિવસ નથી જોયો..

પૈસા કમાવવાની લાયમાં મેં મા-બાપની સેવા કરી નથી,બાળકોની પરવરીશ પણ યોગ્ય રીતે કરી નથી, પત્નીની તંદુરસ્તીનો પણ વિચાર નહોતો કર્યો,સગાં-વ્હાલાં,ભાઇ-બહેનો અને મિત્રો ઉપર પણ હમદર્દી નહોતી રાખી.. જીવનભર મેં હાય પૈસા.. હાય પૈસા કર્યા. શાંતિથી ઉધ્યો નથી,ચૈનથી ક્યારેય ખાધું નથી બસ આખી જીંદગી પૈસા કમાવવામાં જ પસાર કરી દીધી અને આ બધું વ્યર્થ ગયું? હે ઇશ્વર હવે મારૂં શું થશે ?

ઇન્દ્રરાજાએ કહ્યું કે રડવાથી કશું જ મળવાનું નથી. જે જે લોકો અહીયાં જેટલા પણ પૈસા લઇને આવ્યા તે તમામના પૈસા અહીયાં રદ્દી થઇ ગયા છે. જમશેદજી ટાટાના ૫૫ કરોડ, બિરલાજીના ૪૭ કરોડ,ધીરૂભાઇ અંબાણીના ૨૯ કરોડ અમેરીકન ડોલર.. તમામના પૈસા અહીયાં પડ્યા છે.

મેં ઇન્દ્રરાજાને પુછ્યું કે તો પછી અહીયાં કંઇ કરન્સી ચાલે છે? ત્યારે ઇન્દ્રરાજાએ કહ્યું કે ધરતી ઉપર જો સારા કર્મો કર્યા હશે જેવાં કે કોઇ દુ:ખીયારાને મદદ કરી હોય, કોઇ રડતાને હસાવ્યો હોય,કોઇ અનાથ બાળકને ભણાવી-ગણાવીને યોગ્ય બનાવ્યો હોય,કોઇને વ્યસન મુક્ત કર્યો હોય, કોઇ અપંગ સ્કૂલ, વૃદ્ધાવસ્થા કે મંદિરોમાં દાન-ધર્મ કર્યું હોય.. પણ આ બધું સ્વાર્થ અને તમારા વખાણ થાય તેવી ઇચ્છા રાખ્યા વિના કરેલ હોય, આવા પુણ્યકર્મ કરનારાઓને અહીયાં એક ક્રેડીટ કાર્ડ આપવામાં આવે છે જેના ઉપયોગ કરવાથી સ્વર્ગીય સુખનો તે ઉપભોગ કરી શકે છે.

મેં કહ્યું કે હે ઇશ્વર ! મને આ વાતની ખબર નહોતી એટલે મેં આખું જીવન વ્યર્થમાં ગુમાવી દીધું છે. હું કરગરવા લાગ્યો કે હે ઇશ્વર ! મને થોડું આયુષ્ય આપો.ઇન્દ્રરાજાને મારા ઉપર દયા આવી અને કહ્યું કે તથાસ્તુ.. અને મારી આંખ ખુલી ગઇ. હવે હું એવી દોલતની કમાણી કરીશ કે જે મર્યા પછી પણ કામ આવી શકે.

જીવ જે શરીરને સુખી રાખવા અનેક પ્રકારની કામનાઓ અને કર્મ કરે છે તથા સ્ત્રી-પૂત્ર-ધન-દૌલત-ભૌતીક સંપત્તિ-સગાં વહાલાંનો વિસ્તા? ર કરીને તેના પાલન પોષણમાં લાગેલો રહે છે,ઘણી મુશ્કેલીઓ વેઠીને ધન ભેગું કરે છે.આયુષ્ય પુરૂ થતાં જ શરીર નષ્ટ થઇ જાય છે અને વૃક્ષની જેમ બીજા શરીરના માટે બીજ આરોપીને બીજાઓના માટે પણ દુ:ખની વ્યયવસ્થા કરીને જાય છે.

સંતો ચેતવણી આપે છે કે હે માનવ.. મૃત્યુ પથ પર ઘોર અંધકાર હશે ત્યારે જ્ઞાનનો દિપક જો સાથે હશે તો તે રસ્તે અજવાળું થશે.સગાં-સબંધીઓનો એ રસ્તે મેળ થઇ શકવાનો નથી. પ્રભુ નામની દૌલત વિના બીજું કંઇપણ સાથે આવવાનું નથી.

અંત સમયમાં સિકંદર જેવા વિશ્વ વિજેતા રાજા પણ ખાલી હાથે ગયા છે. પ્રભુ પરમાત્મા વિના આપણો કોઇ સાથી નથી. પૂત્ર-પૂત્રી સગાં સબંધી એ બધી ઢળતી છાયા છે,ધન ધાન્ય અને સુંદર મહેલો આ બધી માયા છે. જે જન્મ્યો છે તે બધાને એક દિવસ સંસાર છોડીને જવાનું છે, જે શ્વાસને તૂં તારા સમજે છે તે તો પારકી અમાનત છે માટે એકવાર પ્રભુ પરમાત્માને જાણીને તેના ગુણગાન ગાશો તો લક્ષચૌરાશી અને નરક યાતનાથી બચી શકાશે.

**મૃત્યુ પથ પર ઘોર અંધકાર હશે ત્યારે જ્ઞાનનો દિપક જો સાથે હશે તો તે રસ્તે અજવાળું થશે. સગાં-સબંધીઓનો એ રસ્તે મેળ થઇ શકવાનો નથી. પ્રભુ નામની દૌલત વિના બીજું કંઇપણ સાથે આવવાનું**

**આલેખન:**
**વિનોદભાઇ માછી નિરંકારી**

# ચોમાસામાં મેઘમહેર ને ઉનાળામાં પાણીનો પોકાર ??

રામલાલ અને શ્યામલાલ રાબેતા મુજબ વહેલી સવારે ચાલવા નીકળ્યા અને વાતો કરવા માંડ્યા

**રામલાલ-** ભઈ, વરસાદ હજું ચાલે છે. નોટિફાઈડ બોર્ડ અને બ્રિજો નવા થાય ત્યારે ખરૂ !! બાકી એ બંન્ને બાબતોમાં લોકોને તો હતાશા જ હૈયે સાંપડવાની છે. નવામાં વાહનચાલકોના ટાલકે ટોલ વધારો થયો છે. એ સિવાયની ગામમાં કોઈ નવાજુની ચાલે છે ?

**શ્યામલાલ-** ના ! હાલમાં તો ગામેગામના ભાંગેલા રસ્તાઓ પર ડ્રાઈવિંગ પણ કરી શકાતું નથી. સારામાં સારો ડ્રાઈવર હોય તો એ પણ ખાડામાં પડે જ !

**રામલાલ-** આપદામાં અવસર શોધનાર આપણે મજબૂત માનવી છીએ. ભવિષ્યમાં સ્પેશિયલ ડ્રાઈવિંગ ટેસ્ટ ખાડાઓમાં લેવો જોઈએ ? જેથી ભાવિ પેઢી બરાબર તૈયાર થાય.

**શ્યામલાલ-** હા, હમણાંથી જ ડ્રાઈવિંગ ટેસ્ટમાં આઠડો નહીં પણ મોટા મોટા ખાડા રાખો. ખુલ્લી ગટર અને તેના તુટેલા ઢાંકણા પણ ત્યાં ગોઠવાય એવો ટ્રેક બનાવો.

**રામલાલ-** એ કડવી વાસ્તવિકતા તો છે. પણ એ સ્વીકારવું જ રહ્યું.

**શ્યામલાલ-** એ ઉપરાંત ડાબો હાથ કાઢી જમણી બાજુ ટર્ન મારે એવા વાહનચાલકો પણ તેં ડ્રાઈવિંગ ટ્રેક પર હાજર રાખવા જોઈએ.

**રામલાલ-** ( હસી પડીને ) એ તો બધે જ હાજર હોય છે.

**શ્યામલાલ-** સાથેસાથે પાછળ પડતાં અડધો ડઝન કુતરા અને અડિંગો જમાવી બેસેલા ઢોરોની વ્યવસ્થા પણ ડ્રાઈવિંગ ટેસ્ટ લેતી વખતે કરવી જોઈએ.

**રામલાલ-** એ પણ ગલીગલીમાં હાજર જ હોય છે.

**શ્યામલાલ-** આ બધું જ ગોઠવીને આ બધા વચ્ચેથી સલામતીપૂર્વક વાહન ચલાવી શકે એને જ લાયસન્સ આપવું જોઈએ. દર વર્ષે આપણે આમને આમ જ ખાડાઓમાં જ જીવવાનું હોય તો પાણી પહેલા પાળ બાંધવી સારી.



**આસપાસ**

**- ગિરિશ પટેલ, વાપી**

**રામલાલ-** પાણી સામે પાળ બાંધવામાં ને બાંધવામાં ગામમાં પુર આવવા માંડ્યા છે.

**શ્યામલાલ-** ભારતમાં દર વર્ષે પૂરમાં નુકસાની પાછળ કોણ જવાબદાર ? એના સાચા અને કડવા કારણો અને એની સામે વિદેશની સિસ્ટમ અંગે હવે વિચારવું જોઈએ.

**રામલાલ-** રાહુલ ગાંધી અમેરિકન યુનીવર્સીટીમાં નિવેદન આપી આવ્યા તો બીજી બધી વાતો કરવા કરતા વિદેશી વરસાદના વહેણની વાતો દેશમાં આવી કરતા હોય તો કો'ક એમને ગંભીર ગણે પણ ખરૂ !

**શ્યામલાલ-** ચોમાસુ બેસે અને પૂર પાયમાલી સર્જે, એની ભારતમાં કોઈ નવાઈ નથી. વર્ષોનો ઘટનાક્રમ છે. આ વર્ષ પણ અપવાદરૂપ નથી ગયું. પહેલાં મુંબઈ, પછી દિલ્હી અને હવે આ વર્ષે ગુજરાતના વડોદરા સહિતના શહેરો જળમગ્ન થઈ ગયાં. આવી સ્થિતિમાં પ્રશ્ન થાય કે, શું દેશમાં પૂર વ્યવસ્થાપન જેવું કંઈ છે જ નહીં? એવા તો કયા કારણો છે જેને નિવારી શકાતા નથી?

**રામલાલ-** દેશ દર વર્ષે અબજો રૂપિયાના જાન-માલનું નુકશાન વેઠ્યા કરે છે. એ દિશામાં શા માટે કંઈ કામ થતું નથી ? વિદેશમાં ફરતા દરેક નેતાઓએ ભારતના શહેરોની સમસ્યાઓ શું છે, એ યાદ રાખીને સાથે એ પણ જોવું જોઈએ કે પશ્ચિમી દેશોમાં કઈ રીતે પૂર વ્યવસ્થાપન કરવામાં આવે છે.

**શ્યામલાલ-** તંબુરો ! દેશનું અપૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ કાળમુખી સમસ્યા છે. ભારતના મોટાભાગના શહેરોમાં વર્ષો જૂની અને અપૂરતી ડ્રેનેજ સિસ્ટમ છે, જે ભારે વરસાદની સ્થિતિને ખાળી શકતી નથી. એકાદ કલાકનો ધોધમાર વરસાદ પડે એમાં તો એનું 'પાણી મપાઈ જાય છે' અને પૂરની ગંભીર સ્થિતિ સર્જાય છે. વરસાદી મોસમમાં ૩-૪ વખત તો જળસંકટ થાય જ છે, કારણ એ છે કે ગટર વ્યવસ્થા કામ કરતી નથી.

**રામલાલ-** પ્રિમોન્સુન કામગીરીના તોતિંગ બિલો તો બનતા જ હોય છે.

**શ્યામલાલ-** પબ્લિકને રિઝલ્ટ જોઈએ છે. તોતિંગ બિલો નહીં !! વરસાદી પાણીનો સંગ્રહ કરવો જોઈએ. દેશમાં વરસાદી પાણીના સંગ્રહ એટલે કે રેઈન વૉટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, જે બાબતે ભયંકર ઉદાસિનતા છે.

**રામલાલ-** આટલા બધો વરસાદ પડે તો એ પાણીનો જમીનમાં સંગ્રહ કરવો જ જોઈએ.

**શ્યામલાલ-** હાસ્તો ! કપરાડા જેવા અન્ય વિસ્તારો કે જ્યાં મબલખ માત્રામાં મેઘમહેર થાય છે, એવા વિસ્તાર પણ ઉનાળો આવતા સુધીમાં તો પાણી માટે પોકાર કરતા થઈ જાય છે, એ આપણા દેશની કરુણતા છે.

**રામલાલ-** હકીકત તો એ છે કે ન તો સરકાર આ દિશામાં યોગ્ય પગલાં ભરતી દેખાય છે. ન જનતાને એમાં વિશેષ કોઈ રસ પડતો હોય છે.

**શ્યામલાલ-** સામેપક્ષે વિદેશમાં રેઈન વૉટર હાર્વેસ્ટિંગ એ શહેરી આયોજનનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. લંડન અને ન્યૂયોર્ક જેવા મહાનગરોમાં તો આ સિસ્ટમ પહેલેથી જ અમલમાં છે. શહેરમાં વિકાસ પામતા નવા વિસ્તારોમાં પણ શરૂઆતથી જ રેઈન વૉટર હાર્વેસ્ટિંગ માટેની વ્યવસ્થાને આવરી લેવામાં આવે છે.

**રામલાલ-** આપણે ત્યાં કુદરતી વહેણ તો હતા જ !

**શ્યામલાલ-** વહી ગયું બધું ઝડપી શહેરીકરણમાં. ભારતમાં શહેરો ઝડપથી ફૂલીફાલી રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં નવાનવા મકાનો બનતા દેખાય છે.

ખુલ્લી જમીન પૂરીને એના પર બાંધકામ કરી દેવાય છે અને બ્યુટિફિકેશનના નામે પેવર બ્લોક જડી દેવાય છે. પ્રત્યેક બિલ્ડિંગ પોતાની અલગ કમ્પાઉન્ડ વૉલ પણ ચણી બાંધે છે. આ બધું કરતી વખતે ચોમાસામાં પાણી ક્યાંથી નીકળશે, જમીનમાં ક્યાંથી ઉતરશે, એની કોઈ ગણતરી રખાતી નથી.

**રામલાલ-** ઉપરાંત વરસાદી પાણી શોષી શકે એવા હરિયાળાં વિસ્તારો જ શહેરોમાં ન હોવાથી પણ આકાશમાંથી સતત વરસતું પાણી જમા થયા કરે છે, અને શહેરોમાં પૂરની સમસ્યા સર્જાતી રહે છે.

**શ્યામલાલ-** વિદેશમાં આવું નથી. મહામૂલી જમીનને ફક્ત કમર્શિયલ એન્ગલથી જોખીને આડેધડ કોંક્રિટના જંગલો ઊભા કરાતાં નથી. ત્યાંના શહેરોમાં પાર્ક અને ખુલ્લા મેદાનો બનાવેલા હોય છે. રસ્તા વચ્ચે પણ હરિયાળી ઉગાડવામાં આવે છે, જેને કારણે ત્યાં વરસતું પાણી સીધું જમીનમાં ઉતરી જાય છે. ન્યૂ યોર્ક અને શિકાગો જેવા 'સ્કાયસ્ક્રેપર હેવન'માં પણ ગગનચુંબી મકાનો વચ્ચે 'ગ્રીન સ્પેસ'નું આયોજન કરેલું હોય જ છે.

**રામલાલ-** આજકાલ તો જ્યા જુઓ ત્યાં ગ્લોબલ વૉર્મિંગની વાતો, વાત વાતમાં કહી દેવાય છે.

**શ્યામલાલ-** એ વાત તો સાચી છે કે આબોહવા પરિવર્તન એટલે કે ગ્લોબલ વૉર્મિંગને કારણે આબોહવા-ચક્ર ભયંકર હદે ખોરવાઈ ગયું છે, જેને લીધે હવે હદપાર ગરમી પણ પડે છે અને કોઈપણ સીઝનમાં વરસાદ પણ પડવા લાગે છે, જેને કારણે હાલની ડ્રેનેજ સિસ્ટમ પર ઘણું દબાણ સર્જાય છે અને સિસ્ટમ નિષ્ફળ જાય છે.

**રામલાલ-** તો શું એ માટે સરકારી નીતિઓ સક્ષમ બનાવવા પર ધ્યાન આપવું જોઈએ ?

**શ્યામલાલ-** વિદેશની સરખામણીમાં ભારતમાં સ્પષ્ટ અને મજબૂત સરકારી નીતિઓનો અભાવ છે. જ્યાં પૂર આવે ત્યાં બચાવ ટુકડીઓ અને રાહત સામગ્રી મોકલીને સરકાર પોતે લીધેલા પગલાંઓના ગાણાં ગાયા કરે છે, પણ પૂરની ત્રાસદી સર્જાય જ નહીં એવા કાયમી પગલાં ભરવા બાબતે કોઈ પ્રયાસ કરાતાં નથી.

**રામલાલ-** જનતામાં પણ જાગૃતિનો અભાવ જ જોવા મળે છે ને !

**શ્યામલાલ-** સરકારનો જેટલો વાંક, એટલો જનતાનો પણ વાંક છે. પ્લાસ્ટિકની બોટલો સહિતનો જાતભાતનો કચરો બેધડક ગટરમાં નાખતી વખતે લોકોને એવી પણ ખબર પડતી નથી કે, આ કચરો ગટર બ્લૉક કરી નાખશે અને એની કામગીરી ખોરવાશે અને તેના કારણે તો ચોમાસુ પૂર આવશે જ આવશે. એ જ -કારે વરસાદી પાણીનો સંગ્રહ કરવાની તસ્દી પણ લોકો નથી લેતાં. આ ઉદાસિનતા ચોમાસા અને ઉનાળા બંનેમાં સંકટ પેદા કરે છે.

**રામલાલ-** તો જનતાએ જે ઉપાયો કરવા જોઈએ એ વિશે વાત કરીએ. સરકાર આમ પણ કોનું સાંભળે છે ? તે આપણું સાંભળશે ! જો ને, રસ્તાઓ, ઓવરબ્રિજો અને અન્ડરપાસોમાં બૂમો મારી લોકો થાકી ગ્યા !

**શ્યામલાલ-** જો, વરસાદી પાણીનો સંગ્રહ થશે તો વરસાદનું પાણી તારાજી સર્જવાને બદલે અન્ય મોસમમાં ખાસ કરીને ઉનાળામાં વાપરવા મળશે, એ બાબતે સરકારે મોટા પાયે જનજાગૃતિ અભિયાનો ચલાવવાનું આયોજન કરવાની જરૂર છે.

**રામલાલ-** તે પાછું સરકારનું નામ લીધું ?

**શ્યામલાલ-** હા ! સરકારી મકાનોમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગના સફળ પ્રયોગો કરીને એના ઉદાહરણ લોકોને બતાવી શકાય. લંડનના મ્યુઝિયમમાં ૮૫૦ ચોરસ મીટરની ટેરેસ છે, જે ૨૫ હજાર લીટર વરસાદી પાણીનો સંગ્રહ કરી આપે છે. એ પાણીનો ઉપયોગ ટોયલેટ ફલશિંગ અને બગીચામાં સિંચાઈ માટે થાય છે. ભારતમાં પણ સરકારી ઈમારતો અને ઈવન ખાનગી સંસ્થાના મકાનોમાં આવું કરી શકાય. એક હદથી મોટી છત ધરાવતા મકાનોમાં સરકાર ફરજિયાતપણે રેઈન વોટર હાર્વેસ્ટિંગ દાખલ કરવાનો કાયદો ઘડી શકે તોય ભરપૂર પાણી સંગ્રહી શકાય.

**રામલાલ-** જો કે સરકાર સોલાર સિસ્ટમ વાપરવા સરકારી આગ્રહ તો કરે જ છે.

**શ્યામલાલ-** જે રીતે સોલાર સિસ્ટમ લગાવવા બદલ સરકાર આકર્ષક સબસિડી આપે છે, એ જ પ્રકારે લોકો વરસાદી પાણીનો સંગ્રહ કરતા થાય એ માટે 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ'ની સિસ્ટમ બનાવવા માટે પણ સબસિડી આપવી જોઈએ.

**રામલાલ-** ટુકમાં, પાણીના વપરાશ અને બગાડ બાબતે કડક નિયમો બનાવીને પણ સરકાર જનતાને પાણીના મહત્ત્વ વિશે જાગૃત કરી શકે છે. વરસાદ વહેવાની જગ્યાએ જમીનમાં જ ઉતરશે તો વિનાશની જગ્યાએ વિકાસ થશે.

## આજનો દિવસ

# કામાક્ષી નટરાજન

(૨૪, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૬૮)

ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પત્રકાર કામાક્ષી નટરાજન અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા હતા અને શાંત જીવન જીવવા માટે પંકાયેલા હતા. અંતર્મુખી સ્વભાવના તેઓ પરિવારવત્સલ હતા. તેમને મિત્રો બનાવવાની આદત ન હતી. તેમના મિત્રો અને પરિચિતોની સંખ્યા જૂજ હતી. તેમ છતાં જેટલા મિત્રો હતા તે બધા તેમના સ્વજનો જેવા હતા. તેઓ પક્ષપાતથી દૂર રહેતા હતા. હંમેશા સત્યનો જ પક્ષ લેતા. અસત્યને છાવરવાનું કામ તેમના સ્વભાવમાં ન હતું. નરોવા કુંજરોવા જેવી નીતિ અને વ્યવહારથી તેઓ દૂર રહેતા હતા. તેમની પત્રકાર તરીકેની પ્રતિભા કસ્તૂરીરંગા આયંગર અને રામાનંદ ચટ્ટોપાધ્યાયની સમકક્ષ હતી. 'ઈન્ડિયન સોશ્યલ રિકોર્મર' ના તંત્રી નટરાજનનો જન્મ ૨૪, સપ્ટેમ્બર, ઇ.સ. ૧૮૯૮ના રોજ અતિશય રૂઢિચુસ્ત છતાં ઉચ્ચ ગણાતા આયર પરિવારમાં થયો હતો. સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવી લીધા પછી તેમણે પત્રકારત્વના ક્ષેત્રે ઝંપલાવેલું. સૌ પ્રથમ તેઓ હિન્દુ નામના પત્રમાં જોડાયેલા. તેઓ કઠોર છતાં સાચું જ લખતા. બીજાનો રાજીપો મેળવવા તેઓ કદી ખુશામત કરતા ન હતા. તેઓ એક સિદ્ધાંતનિષ્ઠ પત્રકાર હતા. પોતાના સિદ્ધાંતોને એ કદી હોડમાં મૂકતા ન હતા. આવી પરમ સિદ્ધાંતનિષ્ઠા સાથે લાગલગાટ પચાસ વર્ષ સુધી તેમણે તેમનું પત્ર 'ઈન્ડિયન સોશ્યલ રિફોર્મર ચલાવેલું. તેઓ કોઈની પણ ધાકધમકી કે લાલચને વશ ન થાય તેવા નીડર પત્રકાર હતા.

તેમના પત્રની સત્યનિષ્ઠા તથા નટરાજનની પત્રકાર તરીકેની પ્રતિભાથીઅંજાઇ ગયેલા જસ્ટિસ ગોવિંદ રાનડે અને ન્યાયમૂર્તિ તેલંગ વગેરેએ તેમના પત્રને મુંબઈ લાવવા પ્રયત્નો શરૂ કરેલા. એ જમાનામાં પત્ર ચલાવવું એ નાનીસૂની વાત ગણાતી ન હતી. પત્ર ચલાવવા નાણાં જોઈએ. રાનડે અને તેલંગે પત્ર માટેના ખર્ચને પહોંચી વળવા એક ટ્રસ્ટ મુંબઈમાં ઊભું કરેલું. એ ટ્રસ્ટની આર્થિક મદદથી તેમનું પત્ર મુંબઈમાંથી પ્રકાશિત થવાની શરૂઆત થયેલી. એ પત્રમાં પ્રસિદ્ધ થતાં નટરાજનનાં લખાણોએ ઇંગ્લેન્ડ અને અમેરીકા જેવા દેશોમાં ઘેલું લગાડેલું. તેમના લેખો પરદેશોમાં ભારે આદરથી વંચાવા લાગેલા. પછી તો તેમના લેખો 'Times of India' માં પણ પ્રસિદ્ધિ પામતા રહેલા. તેમનાં નિષ્પક્ષ તટસ્થ અને અભ્યાસશીલ લખાણોથી તેમની કીર્તિ સંનિષ્ઠ પત્રકાર તરીકે દેશ-વિદેશમાં ફેલાઈ ગયેલી. કલમ એ જ એમને માટે સર્વસ્વ હતું. તેઓ રાજકીય કે સામાજિક સમકાલીન ઘટનાઓનું તલસ્પર્શી તટસ્થ મૂલ્યાંકન કરી તેમને શબ્દ દેહે જગત સમક્ષ રજૂ કરતા. તેમને જાહેરજીવનની અન્ય પ્રવૃત્તિઓમાં ઝાઝો રસ નહતો. સમાજસુધારણા એ એમના જીવનનું પરમ અને અંતિમ લક્ષ્ય હતું. તેઓ અખિલ હિંદુ સમાજસુધારા પરિષદના બે વાર પ્રમુખ તરીકે નિમાયેલા. ઉદામવાદી રાજકીય પ્રવૃત્તિઓના તેઓ સખત વિરોધી રહેલા. તેઓ હંમેશા વિનીત પક્ષને સમર્થન આપતા રહેલા. ઈ.સ. ૧૯૨૧ માં સ્થપાયેલા સ્વરાજપલને તેમણે સબળ સમર્થન આપેલું. સતત વાંચન, ચિંતન અને અનુભવોને આધારે એમને એ સત્ય સમજાયેલું કે જીવન અંગેની ભારતની મૂળભૂત દૃષ્ટિ અપનાવવાથી જ દેશને અનંતકાળ સુધીની તંદુરસ્તી, સામર્થ્ય, એકતા અને સાત્વિકતા -ાપ્ત થશે. એંશી વર્ષની જૈક વય સુધી સદા પ્રવૃત્તિશીલ રહેલા તેમનું શરીર અશક્ત થઈ જતાં છેવટે તેમણે તેમના પત્ર રિફોર્મરનું તંત્રીપદ તેમના પુત્રને સોપી દીધેલું. અંતે ૨૯, અપ્રિલ, ઇ.સ. ૧૯૮૮ ના રોજ તેમનું મુંબઇમાં અવસાન થયેલું. સાદું જીવન જીવીઉચ્ચ વિચારની આરાધના કરનાર એ દેશપ્રેમી અને આધ્યાત્મિક વૃત્તિના પરમ ઉપાસક નટરાજન જીવનના છેલ્લા શ્વાસ સુધી દેશસેવા અને સમાજસેવાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહેલા.


**દમણગંગા ટાઇમ્સ**

ઈ-પેપર મેળવવા નીચેની વેબસાઈટ ની મુલાકાત લો
damangangatimes.com

**સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો**

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી. વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫ ઈમેલ- editor.dgt@gmail.com

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

# સરોધીમાં રેતીના પ્લાન્ટ પર ઓવરલોડ ટ્રકો લઈ જતા રસ્તો બિસ્માર બન્યો : ગ્રામજનો પરેશાન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** વલસાડ નજીકના હાઈવે થી સરોધી ગામ તરફ જતા રસ્તા પર ઓવરલોડ રેતી ભરેલી ટ્રકોની અવરજવરના કારણે રસ્તા પર મોટા મોટા ખાડાઓ પડવાના કારણે વિસ્તારમાં વસ્તુ બિસ્માર બની જતા રહીશોને વાહનો લઈ જવામાં તેમજ અવર-જવર કરવામાં ભારે તકલીફો પડી રહી છે. જોકે આ ઓવરલોડ ટ્રકો ના કારણે પડેલા ખાડાઓથી ગ્રામજનો પરેશાન થઈ ગયા છે.

વલસાડ પંથકમાં તેમજ હાઈવે ઉપર ગેરકાયદેસર રીતે રેતીના પ્લાન્ટો મોટા પ્રમાણમાં ચાલી રહ્યા છે તેમ છતાં સવારે રેતીના પ્લાન્ટો બે રોકટોક ચાલી રહ્યા છે. જોકે બીલીમોરા ના ધોલાઈ બંદરેથી રેતીઓ ટ્રકોમાં ઓવરલોડ ભરી પ્લાન્ટ વલસાડ, ગુદલાવ, કુંડી, સરોધી, નંદાવલા, ભદેલી હિંગરાજ ડુંગરી હાઈવે પર એ અન્ય ગામોમાં રેતી ભરી જતા હોય છે. ત્યારે વલસાડ નજીકના સરોધી હાઈવે પર થી ગામ તરફ જતો રસ્તા પર રેતીના પ્લાન્ટમાં ટ્રકોમાં ઓવરલોડ રેતી ભરી અવરજવર કરવાના કારણે ગામનો મુખ્ય રસ્તો ઉપર મોટા મોટા ખાડા ઉપાડવાના કારણે બિસ્માર બની ગયો છે જેના કારણે રોડ પરથી પસાર થતા ગામના વાહનચાલકોને ભારે તકલીફો પડી રહી છે. જોકે આ ઓવરલોડ રેતી ભરેલી ટ્રકોના કારણે ખાડાઓથી ગ્રામજનો પરેશાન થઈ ગયા છે. સરોધી ગામ તરફ જતા રસ્તા પર પડેલા ખાડાઓના કારણે વાહન ચાલકોને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે રસ્તા પરના ખાડા પુરાણ કરવામાં નહીં આવે તો ગ્રામજનો નો ગુસ્સો સાતમા આસમાને પહોંચે તો નવાઈની વાત નથી.

# વલસાડ-ખેરગામ રોડ પહોળો કરવાની કામગીરી શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** રૂપિયા ૧૮.૨૦ કરોડના ખર્ચે વલસાડ ખેરગામ મુખ્ય રસ્તો બનાવવાની કામગીરી રોડ પરના ઝાડ કાપવાની વન વિભાગે પરમિશન નહીં આપી જેના કારણે છેલ્લા દોઢ વર્ષથી રોડ બનાવવાની કામગીરી અટકી પડી છે. ત્યારે હાલમાં વલસાડ ખેરગામ રોડ પણ નડતરરૂપ બનેલા જાડો કાપવાની સાથે રોડના વચ્ચે ડિવાઈડર તેમજ ડામર રોડ બનાવવાની કામગીરી શરૂ થતા વલસાડ ખેરગામ રોડ પર આવેલા ૨૦ થી વધુ ગામોના લોકોને દિવાળી અગાઉ મોટી વલસાડ ખેરગામ રોડ પહોળો રસ્તાનું નવીની કરણ કરવામાં આવતા લોકોને મોટી રાહત મળશે.

વલસાડ ખેરગામ રોડ પર ૨૦ થી વધુ ગામો આવેલા છે. તો બીજી તરફ વલસાડ શહેરમાં રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ, શાળા, કોલેજ, હોસ્પિટલ, નગરપાલિકા ફાયર બ્રિગેડ, પોલીસ મથક, જ્વેલર્સ બજાર, ૧૦૮ કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, શાકભાજી માર્કેટ, કેરી માર્કેટ, અનાજના હોલસેલ વેપારીઓ બાઈક મોપેડના શોરૂમમાં સહિત અન્ય જીવન જરૂરિયાતને લગતી ચીજ વસ્તુઓ વેચાતી હોય છે. જેને લેવા માટે વલસાડ ખેરગામ રોડ પર આવેલા ૨૦ થી વધુ ગામોના જતા હોય છે. તો નોકરીયાતો શાળા કોલેજના વિદ્યાર્થીઓ વિસ્તારોમાંથી આવતા હોય છે. છેલ્લા આઠેક વર્ષથી વલસાડ ખેરગામ રોડ રાજ્ય ધોરીમાર્ગ નવો ન બનતા વર્ષો સુધી ખેરગામ વિભાગની પ્રજાએ હાલાકી ભોગવવી પડી છે. રાજ્ય સરકારમાં દરખાસ્ત કરાતા વલસાડ ખેરગામ રોડ પહોળો કરવા માટે રૂ. ૧૮.૨૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરાઈ હતી. વલસાડ જિલ્લામાં આવતાં લગભગ ૧૫ કિલોમીટરના ૭ મીટર પહોળા આ માર્ગને ૧૦ મીટર પહોળો કરાઈ રહ્યો છે. જ્યારે વલસાડથી છીપવાડ ગરનાળાથી ગુંદલાવ હાઈવેથી ૩૦૦ મીટર સુધી ડિવાઈડર સાથે ફોરલેનનો કરવામાં રહ્યો છે. વલસાડ ખેરગામ રોડને પહોળા કરવા માટે અનેક ઝાડો નડી રહ્યા છે વલસાડ માર્ગ મકાન વિભાગ દ્વારા જાત જૂન ૨૦૨૨ માં વન વિભાગમાં નડતર ઝાડો દૂર કરવા માટે દરખાસ્ત કરી હતી. વલસાડ ખેરગામ રોડ પહોળો કરવાની કામગીરી પૂરજોશમાં ચાલ્યા બાદ અચાનક એક રોડની કામગીરી બંધ કરી દેવામાં આવતા વલસાડ ખેરગામ રોડ પરથી અવર-જવર કરતા ૨૦ થી વધુ ગામોના વાહન ચાલકો રહીશો નોકરીયાતો શાળા કોલેજના વિદ્યાર્થીઓ ભારે પરેશાન થઈ ગયા હતા.

વલસાડ ખેરગામ રોડ પર ના ઝાડો કાપવા માટે ભોપાલથી પરવાનગી આપવામાં આવી ન હોવાના કારણે રોડ પહોળો કરવાની કામગીરી અટકાવી દેવામાં આવી છે. અત્યારે હાલમાં વલસાડ ખેરગામ રસ્તા અને વાય. એન.ડી. એજન્સી દ્વારા વલસાડ ખેરગામ રોડને પહોળો કરવાની સાથે રોડની આજુબાજુ આવેલા ઝાડો કાપવાની કામગીરી કરવામાં આવી રહી છે તો બીજી તરફ રસ્તાની વચ્ચે ડિવાઈડર માટે જેસીબી મારફતે ખોદકામ કરવામાં આવી રહ્યું છે. આગામી દિવાળી અગાઉ વલસાડ ખેરગામ રોડ પહોળો કરી રસ્તાનું નવીકરણ કરવામાં આવતા લોકોને મોટી રાહત મળશે.

# વલસાડની કોમર્સ કોલેજ કેમ્પસમાં રંગ કસુંબલ લોક ડાયરો યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** વલસાડ ની કોલેજ કેમ્પસ ના સંસ્કાર કેન્દ્ર હોલ માં લોકડાયરો યોજાયો હતો જેમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા આજના આધુનિક યુગમાં યુવા પેઢી ડિસ્કો કે ડીજે માં વધારે રસ લેતી હોય છે પણ આ કાર્યક્રમમાં યુવા ધન ડાયરો રસ પૂરક માણી રહ્યો હતો કંઈ કેટલા કોલેજના વિદ્યાર્થીઓ મન મૂકીને પોતાના મોબાઈલમાં ડાયરાની વિડીયોગ્રાફી કરતા પણ જોવા મળ્યા હતા તેમ જ ઘણા શ્રોતાઓ ડાયરાની ધૂન સાંભળી મંત્રમુગ્ધ થઈ માથું હલાવતા જોવા મળ્યા હતા. એકવાર અકબરી પણ આવી જ રીતે શાસ્ત્રીય સંગીતનું આયોજન કર્યું હતું અને પોતે સંગીત માં તલ્લીન થતા ડોકું હલાવવા લાગ્યા હલાવતા હલાવતા પાછળ નજર કરી તો મોટાભાગના પ્રેક્ષકો પણ માથું હલાવતા હતા ત્યારે તેમણે એલાન કર્યું કે હવે જે કોઈપણ માથું હલાવશે તેનું માથું કાપી નાખવામાં આવશે પણ પાછું જ્યારે પ્રોગ્રામ ચાલુ થયો તો જે ખરા સંગીત રસિયા હતા તેઓએ માથું હલાવવાનું ચાલુ રાખ્યું હતું ત્યારે બીરબલે રાજાને કહ્યું કે ખરા સંગીત રસિયા હશે તે માથું હલાવશે જ આવું જ કંઈક આજરોજ પણ જોવા મળ્યું હતું. પ્રિન્સિપાલે જણાવ્યું હતું મેઘાણીની ૧૨૮મી જન્મ જયંતી નિમિત્તે એક સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતના ગૌરવંતા કલાકાર જેમણે ગુજરાત ગૌરવ પુરસ્કાર મળ્યો છે. એવા અભિષેક રાઠોડ રાધા બેન વ્યાસ તેમજ અનુરાધા રાવલ જેઓએ સુરીલા અવાજમાં બધાને લોકગીતોની પ્રસ્તુતિ કરી મંત્રમુગ્ધ કરી દીધા હતા આનંદની વાત એ છે કે ઝવેરચંદ મેઘાણીના પોત્ર પિનાકન ઝવેરી પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને કહ્યું હતું કે, ઝવેરચંદ મેઘાણીના કાવ્યો એમ એના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં છે આ લોક પ્રસંગે વલસાડના સાંસદ ધવલભાઈ પણ હાજર રહ્યાં હતા.

કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ દેસાઈ કિશનભાઈ દેસાઈ ધરમશીભાઈ છેડા તેમજ પ્રેરક ઉપસ્થિતિ પિનાકીન મેઘાણીની રહી હતી. સંયોજક ડૉક્ટર ભરતસિંહ ઠાકોર અને એને મંત્ર સોનલબેન તેમજ આયોજન રણજીતસિંહ દેસાઈ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

# વલસાડનો સ્ટેટ હાઈવે સહિત અન્ય રસ્તાઓ બિસ્માર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** વલસાડ શહેર નો પોશ વિસ્તાર અને નાસિક સ્ટેટ હાઈવે રોડ તેમજ વલસાડ કલ્યાણ બાગ થી આરપીએફ મેદાન સુધી, શાકભાજી માર્કેટ, ઓવરબ્રીજ થી ધરમપુર ચોકડી સુધીનો રસ્તો અત્યંત બી સ્માર બનતા વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલી વેઠી રહ્યા છે.

એક તરફ માર્ગ મકાન વિભાગ દ્વારા બિસ્માર બનેલો હાઈવે ઉપર રી કાર્પેટ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. તો નેશનલ હાઈવે પર કેટલાક જગ્યાએ આજે પણ રસ્તાઓ બિસ્માઈલ જોવા મળી રહ્યા છે. ત્યારે વલસાડ શહેરનો તિથલ રોડ પોશ વિસ્તાર ગણાય છે. વલસાડના તિથલથી વલસાડ થઈ નાસિક સ્ટેટ હાઈવે પસાર થાય છે. જોકે આ તિથલ રોડ પર છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદ પડતાની સાથે જ આખો રસ્તો બંને તરફનો બીમાર બની જતો હોય છે. તો બીજી તરફ વલસાડ શહેરના કલ્યાણ બાગથી, ડીએસપી કચેરી થઈ આરપીએફ મેદાન સુધીનો રસ્તો અને વલસાડ ઓવરબ્રીજથી ધરમપુર ચોકડી સુધીનો બંને તરફના રસ્તા પર પાણી ભરાતા રસ્તો બની જતા વાહન ચાલકો ભારે પરેશાન થઈ જતા હોય છે. વલસાડ શહેરના આઝાદ ચોક અને શાકભાજી માર્કેટમાં પણ ચોમાસામાં રસ્તો અત્યંત બીસ્માર બનતા રાહદારીઓ અને વાહન ચાલકો મુશ્કેલી વેઠી રહ્યા છે. વલસાડમાં થોડો અમથો વરસાદ પડે તો પણ શહેરના રસ્તા તરત જ બિસ્માર બની જતા હોય છે. વલસાડ શહેરી વિસ્તાર ના રસ્તાઓ નગરપાલિકા કે માર્ગ મકાન વિભાગ દ્વારા રી કાર્પેટ કરી વાહન ચાલકોની સમસ્યા હલ કરે એવી માંગણી થઈ રહી છે.

# છીપવાડ હનુમાનજી મંદિરથી બંદર સુધીનો રસ્તો પહોળો થાય તો ટ્રાફિક સમસ્યા હલ થશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** ગણપતિ વિસર્જન સમયે વલસાડના છીપવાડ હનુમાનજી મંદિરથી તરીયાવાડ બંદર રોડ સુધી ટ્રાફિક જામ સમસ્યા થતી હોય છે. જો નગરપાલિકા દ્વારા ટીપી ડીપી સ્કીમ હેઠળ છીપવાડ હનુમાનજી મંદિરથી તરીયા વાડ બંદર રોડ સુધી બંને તરફના ઘરો મકાનોના પાંચ પાંચ ફૂટ દબાણો દૂર કરી રસ્તો પહોળો કરવામાં આવે તો વિસર્જન સમયે થતી ટ્રાફિક સમસ્યા હલ થઈ શકે તેમ છે. મહારાષ્ટ્રની સાથે ગુજરાતમાં પણ ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરતા હોય છે. જેમાં ખાસ કરીને વલસાડ શહેરમાં તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરવામાં આવતી હોય છે. ગણપતિ બાપાની મૂર્તિનો વલસાડ શહેરમાંથી વાજતે ગાજતે વલસાડની ઔરંગા નદીમાં વિસર્જન કરવામાં આવે છે. જોકે આ વિસર્જન યાત્રા વલસાડ શહેરના વિવિધ માર્ગો પરથી આવી વલસાડના ટાવર એમજી રોડ થી તરીયાવાડ બંદર રોડ થઈ જતી હોય છે. તો બીજી તરફ વલસાડના છીપવાડ હનુમાનજી મંદિર તરિયાવડ થઈ બંદર રોડ થઈ મોટી સંખ્યામાં વિસર્જન યાત્રા નીકળી ઔરંગા નદીમાં વિસર્જન થાય છે જોકે છીપવાડ હનુમાનજી મંદિર, તરીયાવાડ,બંદર રોડ રોડની બંને બાજુ આવેલા મકાનો રહીશોના ઘરો દ્વારા દબાણો કરવામાં આવ્યા છે. નગરપાલિકા દ્વારા ટીપી અને ડીપી સ્કીમ હેઠળ આ વિસ્તારમાં બંને તરફ પાંચ પાંચ ફૂટ રસ્તો ખુલ્લો કરવામાં આવે તો ગણેશ વિસર્જનમાં થતી ટ્રાફિક સમસ્યા હન થઈ શકે તેમ છે આ બાબતે વલસાડ નગરપાલિકા ધ્યાન આપી રસ્તો પહોળો કરે તે જરૂરી છે.

# રોણવેલની આર.કે.પટેલ શાળામાં સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** આર.કે.પટેલ સાર્વજનિક વિદ્યાલય,રોણવેલના રુક્ષ્મણીબા પ્રાર્થના હોલમાં શાળાના વિદ્યાર્થીઓની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ગાયત્રી ચેતના કેન્દ્ર, વલસાડ દ્વારા લેવામાં આવી. પરીક્ષામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થી મિત્રોને શાળા પરિવાર અને સમસ્ત રોણવેલ વિભાગ કેળવણી મંડળ અભિનંદન પાઠવે છે.

# વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલયમાં સદસ્યતા અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** વલસાડ જિલ્લામાં ભાજપ સદસ્યતા અભિયાન-૨૦૨૪ અંતર્ગત વિશેષ ઝૂમબેશ ચાલી રહી છે, કાર્યકર્તાઓ ને પ્રોત્સાહિત કરવા અને વિશેષ માર્ગદર્શન આપવા માટે આજરોજ વલસાડ જિલ્લા ભાજપ મુખ્ય કાર્યાલયમાં કેન્દ્રીય શ્રમ રોજગાર મંત્રી તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના માર્ગદર્શન હેઠળ અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, આ બેઠકમાં ગુજરાત સરકારના નાણા ઊર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, લોકસભાના ડંડક વલસા-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સદસ્યતા અભિયાન-૨૦૨૪ અંતર્ગત યોજાયેલ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાએ પ્રાસંગિક ઉદબોધન કરી અભિયાન સંદર્ભે ઉપસ્થિત હોદ્દેદારો કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા એ ઉપસ્થિત જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન-૨૦૨૪ અંતર્ગત નવા સભ્યને જોડવા માટે પ્રેરક માર્ગદર્શન આપી બુથ લેવલ સુધી સફળ કામગીરી કરવા જરૂરી સૂચનો કર્યા હતા.

# નવસારીમાં દ.ગુ. માહ્યાવંશી એકતા પરિષદની કારોબારીની બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૩ :** દક્ષિણ ગુજરાત માહ્યાવંશી એકતા પરિષદની કારોબારીની સભા નવસારી સર્કિટ હાઉસમાં પરિષદના પ્રમુખ વિનય ભાઈ ડી.વાડિવાલાના અધ્યક્ષ સ્થાને રાખવામા આવી હતી. જેમા પરિષદના આગામી કાર્ય કર્મો અંગે ચર્ચા કરી તથા પરિષદના સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે રમણ ભાઈ પટેલની સરવાનુ મતે વરણી કરવામા આવી હતી. જેમા મેનેજીંગ ટ્રસ્ટી વનમાળી ભાઈ પરમાર મહામંત્રી દીલીપ ભાઈ ભારતી મહિલા પ્રમુખ તૃપ્તિ બેન સુર્યવંશી અને જીલ્લા પ્રમુખ ઓ તેમજ કારોબારી સભ્યો એ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

# વલસાડની કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપડેની ઉજવણી કરી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૨૩ :** ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડે નિમિત્તે શાહ એન. એચ. કોમર્સ કોલેજ વલસાડના ૭૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રોફેસર મહેશ જી. પટેલ અને વિદ્યાર્થીઓની લીડર તરીકે કર્ણવી એમ. દેસાઈ અને અન્ય વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. દરેક વિદ્યાર્થીઓએ મહેનત કરીને ૧૦.૫ કિલોગ્રામ પ્લાસ્ટિક અને અન્ય કચરો એકઠો કર્યો. અન્ય દેશોમાં જેમના દ્વારા દરિયાકાંઠે કચરો ફેંકવામાં આવે તેમની પાસે ઓછામાં ઓછા ૨૦૦ જેટલો દંડ ભરાવવામાં આવે છે. પરંતુ આપણા ભારત દેશમાં કોઈપણ પ્રકારના પગલા ન લેવાતા હોવાથી લોકો ગમે ત્યાં કચરો ફેંકી દેતા હોય છે અને આ કચરાને લીધે દરિયો પણ પ્રદૂષિત થાય છે અને દરિયામાં રહેતા જીવોનો જીવ પણ જોખમમાં મુકાય છે. આથી દરેક વ્યક્તિએ પોતે જ જાગૃત થઈને સ્વચ્છતા માટે પોતાનું યોગદાન આપવું જોઈએ. જે રીતે આપણે આપણું ઘર અને આંગણું ચોખ્ખું રાખતા હોઈએ છીએ તે જ રીતે આપણો દેશ પણ ચોખ્ખો રાખવો જોઈએ.

# વલસાડ સ્ટેશન પર સ્વચ્છતા અભિયાન હેઠળ સફાઈ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૨૩ :** વલસાડ રેલવે સ્ટેશન પર શાહ એન. એચ. કોમર્સ કોલેજ વલસાડના વિદ્યાર્થીઓએ સ્વચ્છ ભારત સુરક્ષિત ભારત કાર્યક્રમ હેઠળ રેલવે સ્ટેશનની સફાઈ કરી. જેમાં કોલેજના પ્રોફેસર મહેશ પટેલ અને વિદ્યાર્થીઓની લીડર તરીકે કર્ણવી દેસાઈ અને કોલેજના અન્ય વિદ્યાર્થીઓ પણ ઉપસ્થીત રહ્યા હતા. દરેક વિદ્યાર્થી ખૂબ મહેનત કરીને સારા એવા પ્રમાણમાં ખર્ચો એકત્રિત કર્યો. કર્ણવી દેસાઈએ જણાવ્યું કે સ્વચ્છ ભારત સુરક્ષિત ભારત કાર્યક્રમ હેઠળ શાહ એન. એચ. કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ ૭ દિવસ એટલે કે એક અઠવાડિયા સુધી અલગ અલગ જાહેર સ્થળોએ જઈને સફાઈ કરશે. તેમણે આ કાર્યક્રમની શરૂઆત પોતાના કોલેજ કેમ્પસથી જ કરી. ત્યારબાદ તેમણે તિથલના દરિયા કિનારે સફાઈ કરી અને આજે રેલવે સ્ટેશન પર સફાઈ કરી.હવે પછી તેઓ પારનેરા ડુંગર, બસ સ્ટેશન અને અન્ય જાહેર સ્થળોએ સફાઈ કરશે. વિદ્યાર્થીઓ જાહેર જનતાને એક સંદેશો આપવા માંગે છે કે જેમ તમે તમારું ઘર-આંગણું સ્વચ્છ રાખો છો, તે જ રીતે તમે જ્યાં પણ જવ ત્યાં પણ સ્વચ્છતા રાખો.


‘દમણગંગા ટાઈમ્સ’

દૈનિક ઈન્ટરનેટ પર PDFમાં કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે.

daman_gangatimes

www.damangangatimes.com

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 24, September 2024


## એક દેશ એક ચૂંટણીનાં જમા-ઉધાર પાસાં

લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ એક સાથે થાય તે બંધારણ સંમત હોવાની સાથે જ આખા દેશ માટે કલ્યાણકારી છે. તેના પક્ષમાં સૌથી મોટી દલીલ પણ છે કે તેનાથી આચાર સંહિતાના વમળમાં અને રાજકીય મલખંભથી મુક્તિ મળવાની સાથે જ ગવર્નન્સમાં બહેતરીથી વિકાસ કાર્યોની ઝડપ વધશે. આ વિશે છેલ્લા ૪૦ વર્ષોમાં ચૂંટણી પંચ, કાયદા પંચ, નીતિ આયોગ, બંધારણ સમીક્ષા આયોગ અને સંસદીય સમિતિઓ વિસ્તૃત રિપોર્ટ રજૂ કરી ચૂકી છે, પરંતુ એના પર અત્યાર સુધી અમલ નથી થયો. તેથી કોવિંદ સમિતિના રિપોર્ટ પર કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી બાદ તેને સફળ બનાવવા માટે વિધાયી અને રાજકીય, બંને મોરચે પ્રયાસો કરવા પડશે. એક સાથે ચૂંટણીનો વિરોધ કરનારા લોકોએ એના પર વિચાર કરવો જોઈએ કે ૧૯૫૨થી ૧૯૬૭ની વચ્ચે થયેલ વિધાનસભા અને લોકસભાની ચાર ચૂંટણીઓથી બંધારણ અને લોકતંત્ર કમજોર નહોતું થયું. કેટલાક ભેજાંગેપ લોકો તેને સંઘીય માળખા વિરુદ્ધ માની રહ્યા છે, જ્યારે તેનાથી અનેક ક્ષેત્રીય પક્ષોની વિધાનસભાની સાથે લોકસભામાં તાકાત વધી શકે છે. તેનાથી અમેરિકાની તર્જ પર કેન્દ્રીય સ્તર પર દ્વિપક્ષીય વ્યવસ્થાનો વિકાસ થશે, જેનાથી ચૂંટણીઓમાં સ્તરીય આરોપોને બદલે સાર્થક ચર્ચાના નવા દોરની શરૂઆત થઈ શકે છે. કોવિંદ સમિતિના રિપોર્ટને લાગુ કરવા માટે કાર્યબળ બનાવવાની વાત થઈ રહી છે. મંત્રીમંડળની મંજૂરી બાદ હવે કાયદા મંત્રાલયે બિલનો મુસદ્દો બનાવવો પડશે. રાજ્યો અને વિપક્ષની સાથે યોગ્ય સંવાદ ન થયો, તો સંસદમાં રજૂ થયા બાદ બિલને સંયુક્ત સંસદીય સમિતિ પાસે મોકલવાની માંગ થઈ શકે છે. સંસદમાં બે તૃતિયાંશ બહુમતીથી બંધારણમાં સંશોધન પણ થઈ જાય, તો પછી રાજ્ય વિધાનસભાઓની મંજૂરી જોઈએ. એક સાથે ચૂંટણી સાથે જોડાયેલા આર્થિક લાભોનું ઠોસ વૈજ્ઞાનિક અધ્યયન ઉપલબ્ધ નથી, પરંતુ કેટલાક ઉત્સાહી સમર્થકોએ જીડીપીમાં ૧.૫ ટકા વધારાનો દાવો કર્યો છે. પરંતુ એક સાથે ચૂંટણી વ્યવસ્થા લાગુ થવા છતાં રાજીનામાં, મૃત્યુ અને અયોગ્યતાના આધારે ખાલી થયેલ સીટો પર પેટા ચૂંટણીઓની સમસ્યા તો યથાવત જ રહેવાની. કેટલાક અર્થશાસ્ત્રીઓ અનુસાર સતત થનારી ચૂંટણીઓથી લોકતંત્રમાં જીવંતતા અને ખર્ચામાં ગરીબોની રસોઈનો જુગાડ થઈ જાય છે. પહેલાં સામાન્ય ચૂંટણીમાં લગભગ ૧૦.૫ કરોડ રૂપિયા ખર્ચ થતા હતા. નીતિ આયોગના રિપોર્ટ અનુસાર, લોકસભાની ચૂંટણી કરાવવામાં ૨૦૦૯માં ૧૧૯૫ કરોડ અને ૨૦૧૪માં લગભગ ૩૯૦૦ કરોડ રૂપિયા ખર્ચ થયા. પરંતુ અસલી ખર્ચ તો નેતા અને પાર્ટી કરે છે, જેનો સાચો હિસાબ જ નથી મળતો. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં લગભગ ૧.૩૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ થયાનું અનુમાન છે. એટલેકે નેતાઓએ દરેક વોટર પર લગભગ એક હજાર રૂપિયા ખર્ચ કર્યા. મોંઘી થતી ચૂંટણીઓથી સત્તાનાં વર્તુળોની ચકાચોંધનો જે દરવાજો ખૂલ્યો છે, તેને ઠીક કરવા માટે ઠોસ સુધારાની જરૂર છે. છેલ્લા કેટલાય દાયકામાં ચૂંટણી પંચે ચૂંટણી સુધાર સાથે જોડાયેલા કાયદામાં બદલાવ માટે યુપીએ અને એનડીએ સરકાર પાસે અનેક સૂચનો મોકલ્યાં છે. તેના માટે બંધારણ સંશોધનોને બદલે માત્ર કાયદાઓમાં પરિવર્તનથી મોટા બદલાવ આવી શકે છે. આવા બદલાવોને ખરા અર્થમાં લોકતંત્રમાં બહેતરી અને ગવર્નન્સનો માર્ગ પ્રશસ્ત થશે. કાયદા પંચના પાછલા રિપોર્ટથી બોધ લેતાં સરકારે રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓને સમૂહમાં કરાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અમેરિકા અને રશિયા જેવા મોટા દેશોમાં કેટલાય ટાઇમ ઝોન હોય છે. તેનાથી લોકોની સગવડ સાથે વીજળી અને ઊર્જાની બચત થાય છે. એ જ રીતે ભારતમાં રાજ્યોની વિધાનસભાઓના કેલેન્ડરને પાટા પર લાવવામાં આવે તો સતત થઈ રહેલ ચૂંટણીઓમાં ઘટાડો થઈ શકે છે. હાલની કાનૂની વ્યવસ્થા અનુસાર વિધાનસભાનો કાર્યકાળ ખતમ થવાના છ મહિના પહેલાં ચૂંટણી કરાવી શકાય છે. તેને એક વર્ષ કરી દેવામાં આવે તો કેટલાંય રાજેયમાં વિધાનસભા ચૂંટણી એક સાથે થઈ શકે છે. તેના માટે બંધારણ સંશોધનને બદલે સંસદથી માત્ર જન-પ્રતિનિધિત્વ અધિનિયમમાં બદલાવ કરવાની જરૂર છે.

### આતંકવાદીઓએ રિમોટ કંટ્રોલ બોમ્બ વડે વાનને ઉડાવી દીધી

## પાકિસ્તાનમાં ૧૧ દેશોના રાજદૂતોના કાફલા પર આતંકી હુમલો

### હુમલામાં એક પોલીસ અધિકારીનું મોત તો અન્ય ૪ ને ઈજા પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)

પાકિસ્તાન,તા.૨૩: પાકિસ્તાનમાં ૧૧ દેશોના રાજદૂતોના કાફલા પર આતંકી હુમલો થયાના સમાચાર સામે આવ્યા છે. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના સ્વાત જિલ્લામાંથી માલમ જબ્બા જઈ રહેલા વિદેશી રાજદૂતોના કાફલાની સુરક્ષા કરતી પોલીસ વાનને આતંકવાદીઓએ નિશાન બનાવી હતી.

આતંકવાદીઓએ રિમોટ કંટ્રોલ બોમ્બ વડે વાનને ઉડાવી દીધી હતી. આ હુમલામાં એક પોલીસ અધિકારીનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ચાર ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સૈદુ શરીફની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાસ્થળ પર મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત હતું.

મળતા અહેવાલ અનુસાર, જિલ્લા પોલીસ અધિકારી ઝાહિદુલ્લા ખાને કહ્યું કે આ હુમલો વિદેશી રાજદૂતોના સમૂહને નિશાન બનાવતા કરવામાં આવ્યો હતો. મૃતક પોલીસકર્મીની ઓળખ બુરહાન તરીકે થઈ છે. ઈજાગ્રસ્તોમાં એક સબ ઈન્સ્પેક્ટર પણ સામેલ છે. જે વાનને નિશાન બનાવવામાં આવી હતી તે કાફલામાં સૌથી આગળ હતી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે તમામ રાજદૂતો સુરક્ષિત છે અને તેમને ઈસ્લામાબાદ મોકલવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, તમામ રાજદૂતોએ મિંગોરામાં ચેમ્બર ઓફ કોમર્સના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બાદમાં તેઓ માલમ જબ્બા જઈ રહ્યા હતા. તે સમયે રસ્તામાં શેરાબાદ પહોંચતા હુમલો કરવામાં આવ્યો હતો. કાફલામાં તાજિકિસ્તાન, કઝાકિસ્તાન, ઈરાન, ઈથોપિયા, પોર્ટુગલ, રશિયા સહિત ૧૧ દેશોના રાજદૂતો સામેલ હતા.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ ઘટનાની આકરી નિંદા કરી હતી. ઝરદારીએ હુમલામાં માર્યા ગયેલા પોલીસ અધિકારીને શ્રદ્ધાંજલિ અર્પણ અને ઈજાગ્રસ્તો માટે ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. ઉલ્લેખનીય છે, આ હુમલાની હજુ સુધી કોઈ સંગઠને જવાબદારી લીધી નથી. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર આવ્યા બાદ પાકિસ્તાનમાં આતંકવાદી હુમલામાં વધારો થયો છે. ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં આતંકવાદી સંગઠનો વધુ સક્રિય બન્યા છે. પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર પીસ સ્ટડીઝના ડેટા અનુસાર, બંને પ્રાંતોમાં ગયા મહિને ઘાતક હુમલાઓ અનેકગણા વધ્યા છે. જુલાઈમાં આતંકી હુમલાની સંખ્યા ૩૮ હતી. જે ઓગસ્ટમાં વધી ૫૯ થઈ છે. ઓગસ્ટમાં ખૈબર પખ્તુનખ્વામાં ૨૯ આતંકવાદી હુમલામાં ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ હવે ઈતિહાસનો ભાગ છે

## આર્ટિકલ ૩૭૦ રદ થયા બાદ પહેલી વખત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી

### જમ્મુ-કાશ્મીરમાં આઝાદી બાદ હજારો દલિત પરિવાર પ્રથમ વખત મતદાન કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ કાશ્મીર ,તા.૨૩: જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણી આ વખતે ઘણી દ્રષ્ટિએ અલગ છે. લદાખ હવે અલગ કેન્દ્ર શાસિત પ્રદેશ છે, આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ હવે ઈતિહાસનો ભાગ છે અને જમ્મુ-કાશ્મીર પણ હાલ એક પૂર્ણ રાજ્ય નથી.

એટલું જ નહીં આ સિવાય એક મહત્વની વાત એ છે કે પહેલી વખત એવા હજારો લોકોને મતદાન કરવાની તક મળશે. જે અત્યાર સુધી જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં માત્ર મૂકદર્શક હતા. આ લોકો અહીં ૭ દાયકાથી વસેલા છે પરંતુ અત્યાર સુધી તે કોઈ ચૂંટણીનો ભાગ નહોતા. આ તે લોકો છે જે ૧૯૪૭માં ભારત ભાગલા બાદ પાકિસ્તાનથી આવીને વસ્યા હતા.

આમાંથી મોટાભાગના લોકો જમ્મુ, કઠુઆ, રાજૌરી જેવા જમ્મુ-કાશ્મીરના જિલ્લામાં જઈને વસ્યા હતા. ૧૯૪૭માં આવેલા આ લોકોને અત્યાર સુધી નાગરિકતા જ મળી શકી નહોતી અને ૫૭૬૪ પરિવારોને કેમ્પોમાં રહેવું પડતું હતું. સરકારી, ખાનગી નોકરી કે પછી કોઈ પણ સંગઠિત રોજગાર તે કરી શકતાં નહોતાં.

ચૂંટણીમાં ભાગ લેવાનો તેમને અધિકાર નહોતો. તેથી કોઈ પણ પ્રકારનું દબાણ બનાવવાની સ્થિતિમાં પણ તે નહોતા. આર્ટિકલ ૩૭૦ હટી તો આ લોકો માટે આશાની કિરણ જાગી. તેમને નાગરિકતા મળી, જમીન ખરીદવા, નોકરીનો અધિકાર મળ્યો અને તે લોકતંત્રનો ભાગ બન્યા.

આર્ટિકલ ૩૭૦ રદ થયા બાદ પહેલી વખત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી થઈ રહી છે અને આ પરિવારોના હજારો લોકો આ વખતે મતદાન કરશે. આ લોકોને પશ્ચિમ પાકિસ્તાનથી આવેલા રેફ્યૂજી કહેવામાં આવતાં હતાં.

આ સાથે વિટંબણા એ રહી કે પાક-અધિકૃત જમ્મુ-કાશ્મીરથી પલાયન કરીને આવેલા લોકોને નાગરિકતા મળી ગઈ કેમ કે તેમને રાજ્યના જ માનવામાં આવ્યા પરંતુ પાકિસ્તાનથી આવેલા લોકોને જમ્મુ-કાશ્મીરમાં નાગરિકતા મળી શકી નહીં. તેનું કારણ એ હતું કે તેમને અધિકાર મળવામાં આર્ટિકલ ૩૭૦ નો અવરોધ ઊભો હતો. હવે તે દૂર થઈ તો આ લોકો પણ મતાધિકારનો ઉપયોગ કરી શકે છે.

આ લોકોને નાગરિકતા ન મળવાનો મુદ્દો ભાજપ તરફથી ઘણી વખત ઉઠાવવામાં આવતો હતો.

વેસ્ટ પાકિસ્તાન રેફ્યૂજી કહેવાતા આ લોકોમાંથી મોટાભાગના દલિત સમુદાયના છે. તેથી તેમને સમગ્ર દેશની જેમ અનામત ન મળવાનો પણ એક મુદ્દો હતો. હવે આ માટે વોટિંગથી લઈને રિઝર્વેશન સુધીનો માર્ગ ખુલી ગયો છે. અત્યાર સુધી પોતાની પીડાને આ લોકો પોતાને આઝાદ દેશના ગુલામ લોકો કહીને વ્યક્ત કરતાં હતાં.

## ઈરાનની કોલસાની ખાણમાં મિથેન ગેસ લીક થયા બાદ વિસ્ફોટ, ૫૧ લોકોનાં મોત

### ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે પૂર્વી ઈરાનમાં તાબાસ ખાણમાં વિસ્ફોટ થયો ત્યારે તેમાં ૭૦થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩: ઈરાનમાં રવિવારે કોલસાની ખાણમાં મિથેન ગેસના લીકેજને કારણે ભીષણ વિસ્ફોટ થયો હતો, જેમાં ૫૧ લોકોના મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલી ભયંકર દુર્ઘટનાઓ પૈકીની આ એક છે. આ વિસ્ફોટ ઈરાનના દક્ષિણ ખોરાસાન પ્રાંતમાં થયો હતો. ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે પૂર્વી ઈરાનમાં તાબાસ ખાણમાં વિસ્ફોટ થયો ત્યારે તેમાં ૭૦થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. ખાણના બે બ્લોકમાં વિસ્ફોટ થયો હતો. આ ખાણ ખાનગી ઈરાની કંપની મદનજૂની માલિકીની છે. ઈરાન પ્રશાસને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવા માટે તાબાસ પહોંચી રહેલી એમ્બ્યુલન્સ અને હેલિકોપ્ટરના ફૂટેજનું રાજ્ય ટીવીએ પ્રસારણ કર્યું હતું. IRNA ના ઓનલાઈન ફૂટેજમાં કેટલાક પીડિતોના મૃતદેહને ખાણકામના વાહનોમાં સ્થળની બહાર લઈ જવામાં આવતા દર્શાવવામાં આવ્યા હતા. દક્ષિણ ખોરાસાનના ગવર્નર જવાદ ઘેનાતે રાજ્ય ટીવીને જણાવ્યું હતું કે બચાવ ટીમો બાકીના મૃતદેહોને બહાર કાઢવા માટે પૂરતા પ્રયાસો કરી રહી છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા માટે રવાના થતા પહેલા ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને સરકારી ટીવી પર પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો. પેઝેશ્કિયાને કહ્યું હતું કે દુર્ભાગ્યવશ અમને જાણવા મળ્યું હતું કે તાબાસમાં કોલસાની એક ખાણમાં દુર્ઘટના ઘટી હતી અને અમારા ઘણા લોકોએ તેમાં જીવ ગુમાવ્યા હતા. હું તેમના પરિવારો પ્રત્યે મારી હાર્દિક સંવેદના વ્યક્ત કરું છું.'' સ્થાનિક મીડિયા અનુસાર, અધિકારીઓએ વિસ્ફોટ બાદ પ્રાંતમાં ત્રણ દિવસનો જાહેર શોક જાહેર કર્યો છે. ઈરાનના રેડ ક્રેસેન્ટે જણાવ્યું હતું કે ખાણમાં શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે, જ્યાં કેટલાક કામદારો હજુ પણ ફસાયેલા છે. IRNA અનુસાર, આ કર્મચારીઓ જમીનની સપાટીથી લગભગ ૨૫૦ મીટર નીચે હતા.

## ઈઝરાયેલ સેનાનો લેબનોનમાં હુમલોઃ ૫૦ નાગરિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈઝરાયેલ,તા.૨૩: ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. હિઝબુલ્લાહ પર દબાણ લાવવા માટે, ઈઝરાયલે લેબનોનમાં ૩૦૦ ટાર્ગેટ પર હુમલો કર્યો છે. આ દાવો ઈઝરાયેલની સેના દ્વારા કરવામાં આવ્યો છે. જો કે હજુ સુધી લેબનોન અને હિઝબુલ્લાહ તરફથી થયેલા હુમલા અંગે કોઈ માહિતી સામે આવી નથી.



હુમલા અંગે માહિતી આપતા લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, ઈઝરાયેલની સેનાએ તેના દક્ષિણી વિસ્તારના ગામો અને નગરો પર હુમલો કર્યો છે. આ હુમલાઓમાં તેના ૫૦ નાગરિકો માર્યા ગયા છે. આ સિવાય ૩૦૦ લોકો ઘાયલ થયા છે. આ લોકોમાં બાળકો, મહિલાઓ અને ઈમરજન્સી કામદારોનો સમાવેશ થાય છે. હાલમાં આ પ્રાથમિક આંકડો છે અને મૃત્યુઆંક વધી શકે છે. મંત્રાલયનું કહેવું છે કે માત્ર પ્રારંભિક સંખ્યામાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ હુમલાઓમાં લેબનોનના દક્ષિણ વિસ્તાર ઉપરાંત પૂર્વોત્તર વિસ્તારને પણ નિશાન બનાવવામાં આવ્યો છે.

ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે તેણે હિઝબુલ્લાહ પર દબાણ લાવવા માટે આ હુમલા કર્યા છે. સેનાએ અગાઉથી હુમલાની જાહેરાત કરી દીધી હતી. મિલિટરી ચીફ લેફ્ટનન્ટ જનરલ હરજી હલેવીનું નિવેદન શેર કરતા તેમણે કહ્યું કે ઈઝરાયેલ લેબનોન પર વધુ હુમલા કરવા માટે તૈયાર છે.

ગાઝા યુદ્ધની અસર સહન કરી રહેલા પશ્ચિમ એશિયામાં બીજા મોરચે હુમલાઓ અને વળતા હુમલાઓ તીવ્ર બન્યા છે. લેબનોન તરફી લેબનીઝ હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે તણાવ ચરમસીમા પર છે. બંનેએ આંતરરાષ્ટ્રીય સમુદાયની ચેતવણીને અવગણીને એકબીજાની સરહદ પર હુમલા વધુ તીવ્ર બનાવવાની ધમકી આપી છે. ઈઝરાયેલ હિઝબુલ્લાહની કમર તોડી નાખવા માટે કટિબદ્ધ છે, જે પોતાની સામે હમાસને ટેકો આપવા ઉભો થયો છે. ઈઝરાયેલે સતત કેટલાય દિવસોથી હિઝબુલ્લાહ વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરી છે. પહેલા પેજર, પછી વાયરલેસ સિરિયલ બ્લાસ્ટ અને પછી હવાઈ હુમલા. સાથે જ હિઝબુલ્લાહના ચીફ નસરાલ્લાહે પણ પરિણામ ભોગવવાની ચેતવણી આપી છે.

લેબનીઝ અધિકારીઓના જણાવ્યા અનુસાર, દેશને ૮૦,૦૦૦ થી વધુ શંકાસ્પદ ઈઝરાયેલ કોલ મળ્યા છે જેમાં લોકોને તેમના ઘર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે. ટેલિકોમ કંપની ઓગેરોના વડા, ઈમાદ ક્રીદેહે સમાચાર એજન્સી રોઈટર્સને વિકાસની પુષ્ટિ કરતા કહ્યું કે આવા કોલ્સ ''વિનાશ અને અરાજકતા પેદા કરવા માટે મનોવૈજ્ઞાનિક યુદ્ધ'' છે.

રવિવારે, હિઝબુલ્લાએ ઉત્તરી ઈઝરાયેલમાં ૧૦૦ થી વધુ રોકેટ છોડ્યા હતા. આ રોકેટ ઈઝરાયેલના હાઈફા શહેર નજીક પડ્યા હતા. આ હુમલામાં ચાર લોકો ઘાયલ થયા છે. રોકેટ હુમલા બાદ હિઝબુલ્લાહના ડેપ્યુટી લીડર નઈમ કાસિમે ખુલ્લા યુદ્ધની જાહેરાત કરી હતી. જવાબી કાર્યવાહીમાં, ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં હિઝબોલ્લાહના લક્ષ્યો પર હુમલો કર્યો, જેમાં એરબેઝ અને લશ્કરી ઉત્પાદન સુવિધાઓનો સમાવેશ થાય છે.

### તિરુપતિ દેવસ્થાનમ દ્વારા પ્રાયશ્ચિત માટે આ વિધિ શરૂ કરાઈ

## તિરુપતિ મંદિરના પ્રસાદ વિવાદ બાદ મંદિરનું થશે શુદ્ધિકરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

આંધ્ર પ્રદેશ,તા.૨૩: તિરુપતિ મંદિરના પ્રસાદમાં પશુઓની ચરબી અને માછલીના તેલની ભેળસેળ હોવાનો વિવાદ હવે વધુને વધુ વકરી રહ્યો છે, બીજી તરફ રિપોર્ટમાં પ્રસાદમાં પશુઓની ચરબી હોવાનું સામે આવ્યા બાદ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. વિવાદ વચ્ચે મંદિરને શુદ્ધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિરમાં શુદ્ધિકરણ માટે ધાર્મિક વિધિઓ કરવામાં આવી રહી છે.

મંદિરને પંચગવ્યથી શુદ્ધ કરવામાં આવી રહ્યું છે. તિરુપતિ દેવસ્થાનમ દ્વારા પ્રાયશ્ચિત માટે આ વિધિ શરૂ કરવામાં આવી છે. ધાર્મિક વિધિનો હેતુ ભૂલને સુધારવા અને મંદિરની પવિત્રતા જાળવવાનો છે. અનુષ્ઠાન માટે મહાશાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તિરુપતિ મંદિરમાં શુદ્ધિકરણ વિધિઃ સમગ્ર સ્થળને પંચગવ્ય એટલે કે પાંચ પવિત્ર વસ્તુઓથી શુદ્ધ કરવામાં આવી રહ્યું છે. પંચગવ્યમાં ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને ગોબરનો સમાવેશ થાય છે. આ પછી, લાડુ પોટ્ટુ એટલે કે લાડુ બનાવે છે તે રસોડું અને અન્નપ્રસાદમ પોટુ એટલે કે પ્રસાદ બનાવતા રસોડામાં શુદ્ધિકરણ કરવામાં આવશે. મંદિરના શુદ્ધિકરણ દરમિયાન ૧૧ ખાસ લોકો હાજર રહેશે. ૮ પુજારી અને ૩ આગમા સલાહકારો પંચગવ્યથી સમગ્ર તિરુમાલા મંદિર પરિસરને શુદ્ધ કરવામાં સામેલ થશે. આ માટે, ધાર્મિક વિધિનો સમય સવારે ૬:૦૦ વાગ્યે શરૂ થયો હતો અને સવારે ૧૦ વાગ્યા સુધીનો હતો, આ માટે ઘણી તૈયારીઓ કરવામાં આવી હતી. તિરુપતિ તિરુમાલા લાડુ વિવાદ બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

વાસ્તવમાં, તાજેતરમાં તિરુપતિ મંદિરના પ્રસાદ બનાવવામાં ઉપયોગમાં લેવાતા ઘીમાં પ્રાણીની ચરબી અને માછલીના તેલની ભેળસેળનો મામલો સામે આવ્યો હતો, જેના કારણે મહંત ધીરેન્દ્ર શાસ્ત્રી સહિત અનેક લોકોએ તેની સામે રોષ વ્યક્ત કર્યો હતો અને કાર્યવાહીની માંગ કરી હતી.

આ મામલાને લઈને ખુદ આંધ્રપ્રદેશના CM એ નિવેદન જારી કરીને કહ્યું હતું કે કરોડો શ્રદ્ધાળુઓની ભાવનાઓ, પરંપરાઓ અને ધાર્મિક પ્રથાઓ સાથે રમત રમી શકાય નહીં. દોષિત કર્મચારીઓને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે અને જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

### ૧૫ રાજ્યોમાં એલર્ટ પણ જાહેર

## ભારતીય હવામાન વિભાગની ભારે ચક્રવાતી તોફાન આવવાની સંભાવના

### વાવાઝોડાની સૌથી વધુ અસર દેશના દક્ષિણી રાજ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી,તા.૨૩ : ભારતીય હવામાન વિભાગે ભારે ચક્રવાતી તોફાન આવવાની સંભાવના વ્યક્ત કરીછે. આ માટે વિભાગે ૧૫ રાજ્યોમાં એલર્ટ પણ જાહેર કર્યું છે.

વિભાગે આપેલી માહિતી મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર ચક્રવાત બની ગયું છે અને તેના કારણે દેશમાં ભારે વાવાઝોડું આવી શકે છે.

IMD એ એમ પણ કહ્યું છે કે, આ વાવાઝોડાના કારણે માત્ર એક-બે નહિં, પરંતુ ૧૫ રાજ્યોને અસર થઈ શકે છે. તેથી સંભવિત વાવાઝોડાને ધ્યાને રાખી આ રાજ્યોના લોકોએ સાવધાન રહેવાની જરૂર છે. આ વાવાઝોડા પહેલા લોકોને તેમના ઘરોમાં રહેવાની અપીલ કરવામાં આવી છે અને માછીમારોને પણ બીચ નજીક ન જવા માટે અપીલ કરવામાં આવી છે. હવામાન વિભાગના રિપોર્ટ મુજબ, વાવાઝોડું ક્યારે આવશે, તે અંગે હાલ કોઈ તારીખ જાહેર કરાઈ નથી, પરંતુ વાવાઝોડું અઠવાડિયાની અંદર આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એવું મનાઈ રહ્યું છે કે, વાવાઝોડું એક સપ્તાહની અંદર ૧૫ રાજ્યોમાં નાની-મોટી અસર કરી શકે છે. કેટલાક રાજ્યોમાં ભારે પવન સાથે ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે, જેના કારણે તેની આસપાસના રાજ્યોની પણ મુશ્કેલી વધી શકે છે. ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ વાવાઝોડાની સૌથી વધુ અસર દેશના દક્ષિણી રાજ્યો ખાસ કરીને કેરળ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા, કર્ણાટકમાં જોવા મળી શકે છે. આ ઉપરાંત છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઓડિશા અને ગોવામાં જોવા અસર થઈ શકે છે. એટલું જ નહીં દેશના પૂર્વોત્તર રાજ્યોને લઈને પણ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા પણ સામેલ છે.

### યુપી, એમપી પંજાબમાં ઘટનાઓ બની

## એક જ દિવસે ત્રણ ટ્રેન ઉથલાવી દેવાનું કાવતરું નિષ્ફળ બનાવાયું

### છેલ્લા અનેક દિવસોમાં અનેક રાજ્યોમાં ટ્રેનોને ઉથલાવી દેવાનું કાવતરાની ઘટના વધી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩: છેલ્લા અનેક દિવસોમાં અનેક રાજ્યોમાં ટ્રેનોને ઉથલાવી દેવાનું કાવતરાની ઘટના વધી રહી છે. રવિવારે પણ ૩ રાજ્યોમાં ટ્રેનને ઉથલાવી મારવાનું ષડયંત્ર પકડાયું હતું. જો આ કાવતરું પાર પડ્યું હોત તો મોટી ખુવારી સર્જાઇ હોત. જોકે ત્રણેય જગ્યાએ ષડયંત્ર નિષ્ફળ બનાવાયું હતું. આ શ્રેણીબંધ ઘટનાઓને લઈને દેશની તપાસ અને ગુપ્તચર એજન્સીઓ તપાસમાં લાગી ગઈ છે. મધ્યપ્રદેશના બુરહાનપુરમાં સેનાના જવાનોને લઈ જતી ટ્રેનમાં વિસ્ફોટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલ્વે સૂત્રોએ જણાવ્યું કે બુરહાનપુરના નેપાનગરમાં રેલ્વે ટ્રેક પર ૧૦ જેટલા ડિટોનેટર નાખવામાં આવ્યા હતા. જોકે, ટ્રેન આવે તે પહેલા જ કેટલાક ડિટોનેટર ફૂટી ગયા હતા. જેના કારણે રેલવે અધિકારીઓ એલર્ટ થઈ ગયા હતા અને ટ્રેનને સ્ટેશન પર રોકી દેવામાં આવી હતી. આ ટ્રેનમાં સેનાના જવાનો ખાંડવા જઈ રહ્યા હતા. યુપીના કાનપુરમાં પ્રેમપુર સ્ટેશન પાસે ટ્રેક પર એક નાનો સિલિન્ડર પડેલો જોવા મળ્યો હતો. જેટીટીએન ગુડ્સ ટ્રેનના લોકો પાયલટે સિલિન્ડર જોયો કે તરત જ તેણે ઈમરજન્સી બ્રેક લગાવી અને ટ્રેનને ૧૦ ફૂટ અગાઉ રોકી દીધી હતી. પંજાબના ભટિંડામાં રેલ્વે ટ્રેક પર લોખંડના સળિયા મૂકી દેવામાં આવ્યા હતા. આ જોઈને માલગાડીના લોકો પાયલટે ઈમરજન્સી બ્રેક લગાવી હતી, જેના કારણે અકસ્માત ટળી ગયો હતો. બિહારના મુઝફ્ફરપુરમાં શનિવારે રાત્રે મુઝફ્ફરપુર-સમસ્તીપુર રેલ્વે લાઇનની વચ્ચે એન્જિનના કુલ ૬ પૈડા પાટા પરથી ઉતરી ગયા હતા. જોકે આ કેસમાં પ્રારંભિક તપાસમાં લોકો પાઈલટ અને પોઈન્ટમેનની બેદરકારી ધ્યાને આવી છે.

## આતિશીએ દિલ્હીના સીએમનો ચાર્જ સંભાળી લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૩: આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ દિલ્હીના સીએમ પદનો ચાર્જ સંભાળી લીધો છે. તેમણે અનોખી રીતે ચાર્જ સંભાળ્યો હતો. તેમણે મુખ્યમંત્રીની ખુરશીની બાજુમાં ખાલી ખુરશી મૂકીને ચાર્જ સંભાળ્યો હતો. આતિશી સીએમની ખુરશી પર બેઠી નથી. તે બીજી ખુરશી પર બેઠી છે. મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે આજે મેં દિલ્હીના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. આજે મારા મનમાં પણ ભરતજીના જેવું જ દુઃખ છે. ભરતજીએ જે રીતે ભગવાન શ્રી રામની ગાદી રાખીને કામ કર્યું, તે જ રીતે હું આગામી ૪ મહિના સુધી મુખ્યમંત્રી પદ સંભાળીશ.

વધુમાં આતિશીએ કહ્યું કે છેલ્લા બે વર્ષથી ભાજપે અરવિંદ કેજરીવાલ પર કાદવ ઉછાળવામાં કોઈ કસર છોડી નથી. ૬ મહિના માટે જેલમાં મોકલવામાં આવ્યા હતા. કોર્ટે એમ પણ કહ્યું કે અરવિંદ કેજરીવાલની એજન્સી દ્વારા દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી ધરપકડ કરવામાં આવી હતી. આ ખુરશી અરવિંદ કેજરીવાલની છે. મને વિશ્વાસ છે કે ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીમાં દિલ્હીની જનતા અરવિંદ કેજરીવાલને ફરીથી મુખ્યમંત્રી બનાવશે. ત્યાં સુધી અરવિંદ કેજરીવાલની આ ખુરશી અહીં જ રહેશે.

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ શનિવારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ આતિશીને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા હતા. આતિશીએ દિલ્હીના ૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહ દિલ્હીના રાજ નિવાસમાં યોજાયો હતો. સીએમ આતિશીની સાથે ૫ કેબિનેટ મંત્રીઓએ પણ ગોપનીયતાના શપથ લીધા હતા.

## હિઝબુલ્લાહે ઈઝરાયેલમાં એક સાથે ૧૧૫ રોકેટ છોડ્યાંઃ અનેક ઈમારતો ધ્વસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈઝરાયેલ, તા.૨૩: લેબનાન સ્થિત આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના દળોએ રવિવારે ઈઝરાયેલમાં એક પછી એક ૧૧૫ રોકેટથી હુમલા કર્યા હતા. જેમાં અનેક ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. આ પૈકી કેટલાક રોકેટ ઉત્તરમાં આવેલા હાઈફા શહેરની પાસેના વિસ્તારમાં પડ્યા હતા. હિઝબુલ્લાહના ઉપનેતા નઈમ કાસમે રવિવારે કહ્યું કે તેમનું સંગઠન હવે ઉતર્યું છે અને તેમણે ઈઝરાયેલના ઉત્તરમાં લોકો માટે વધુ વિસ્થાપનની ધમકી આપી છે. આ પહેલા હિઝબુલ્લાહના કમાન્ડર ઈબ્રાહિમ અકીલના અંતિમ સંસ્કાર વખતે કાસેમે કહ્યું હતું કે, અમે માનીએ છીએ કે અમે દુખી છીએ. અમે ઈન્સાન છીએ. પરંતુ જેવી રીતે અમને દુખ મળ્યું છે, એવી જ રીતે તમને પણ દુખ થશે. તમારી (ઈઝરાયેલ)ની અર્થવ્યવસ્થા નષ્ટ થઈ જશે અને તમે તમારો લક્ષ્ય સિદ્ધ કરી શકશો નહીં. આ સાથે કાસમે ઉમેર્યું કે, રવિવારે અમારા સંગઠન દ્વારા ઈઝરાયેલ પર ફેંકેલા ૧૦૦ રોકેટ તો ફક્ત વિનાશની શરુઆત છે. ઈઝરાયેલના મીડિયાએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું કે હિઝબુલ્લાહે ઉત્તર જેજરેલ ખીણમાં આવેલા એક સૈન્ય એરપોર્ટને નિશાન બનાવ્યું છે, જેનાથી આખા ક્ષેત્ર અને કબજાવાળા ગોલાન હાઈટ્સ તથા અન્ય વિસ્તારોમાં સાયરન વાગ્યા હતા. ઈઝરાયેલના સૈનિકોએ રવિવારે સવારે ઈઝરાયેલના કબજાવાળા વેસ્ટબેન્કમાં સેટેલાઈટ ન્યુઝ ચેનલ અલઝઝીરાની ઓફિસ પર દરોડા પાડ્યા હતા અને આ બ્યુરો ઓફિસને બંધ કરવા માટે આદેશ આપ્યો છે. ઈઝરાયેલે કતાર દ્વારા આર્થિક ફંડ મેળવતી અલઝઝીરા ચેનલને ટાર્ગેટ બનાવી છે, કારણ કે આ ચેનલ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધનું કવરેજ કરે છે. ચેનલે પોતાની અરબી ભાષાની ચેનલ પર ઈઝરાયેલના સૈનિકોના લાઈવ ફૂટેજ પ્રસારિત કર્યા હતા.

Tuesday 24, September 2024

# દમણગંગા ટાઈમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## રવિવારે તિથલમાં 'યોગ ગરબા'!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી,તા.૨૩:** આગામી દિવસોમાં નવરાત્રી શરૂ થવા જઈ રહી છે ત્યારે વલસાડમાં 'સંવાદ' દ્વારા એક અનોખા ગરબાનું આયોજન થયું છે. આગામી રવિવારે સવારે ૬થી ૮:૩૦ કલાક દરમ્યાન તિથલમાં 'યોગ ગરબા'નું આયોજન કરાશે. શરીર અને મનની ક્રિયા એટલે યોગ અને લોકકલા તથા સંસ્કૃતિ એટલે ગરબા આ બન્નેનો સમન્વય એટલે યોગ ગરબા, આ અનોખો પ્રયોગ સુરતના એનીસ રંગરેજે વિકસવ્યો છે જે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી વધારવાનો અનોખો પ્રયોગ છે. આ યોગ ગરબામાં વિનામૂલ્યે પ્રવેશ છે પરંતુ નોંધણી કરાવવી ફરજીયાત છે.

## વાપીમાં સગીરાને ગર્ભવતી બનાવનાર આરોપીને ૨૦ વર્ષની સજા અને ૨ લાખનો દંડ

### વિધર્મી યુવકે ૧૬ વર્ષીય સગીરાને ટ્યુશન જતી વખતે રસ્તામાં રોકી મિત્રતા કેળવી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતો હતો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા. ૨૩:** વાપીમાં રહેતા એક શ્રમિક પરિવારની ૧૬ વર્ષીય સગીરા સાથે ટ્યુશન જતી સગીરા સાથે યુવકે મિત્રતા કેળવી હતી. જે દરમિયાન યુવકે સગીરા સાથે સોશિયલ મીડિયાના માધ્યથી વાતચીત કરી સગીરાને લોભામણી લાલચ આપી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી હતી. જે બાદ સગીરાને ગર્ભવતી બનાવવાના કેસમાં થયેલી ફરિયાદ બાદ આરોપી યુવકની ધરપકડ થઈ હતી. જે કેસ વાપીની પોક્સો એક્ટ હેઠળની સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલી જતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલોને ગ્રાહ્ય રાખીને પોક્સો એક્ટ હેઠળની સ્પેશ્યલ કોર્ટના જજ તરુણ આહુજાએ આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતો હુકમ કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી તાલુકામાં રહેતા એક શ્રમિક પરિવારની ૧૬ વર્ષીય સગીરા જથી જૂનના રોજ સવારે ઘરેથી નજીકમાં આવેલી દુકાનમાં ખમણ લેવા જાવ છું કહી ઘરેથી નીકળ્યા બાદ બપોર સુધી સગીરા ઘરે પરત ફરી ન હતી. જે સગીરાની માતાએ પરિવારના સભ્યોને ઘટનાની જાણ કરી હતી. સગીરાના પરિવારના સભ્યોએ ઘરની આજુબાજુના વિસ્તારમાં તેમજ વાપીના સંભવિત વિસ્તારોમાં સગીરાની શોધખોળ હાથ ધરી હતી. જે સગીરા ક્યાંય મળી ન આવતા પરિવારના સભ્યોએ ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તે કેસમાં ડુંગરા પોલીસે સગીરાની શોધખોળ કરતા સગીરા મળી આવી હતી. જેથી સગીરાની પ્રાથમિક પૂછપરછ કરતા ૫ વર્ષ પહેલાં સગીરા સાથે ટ્યુશનમાં અભ્યાસ કરતો સૈફ ઈમરાન મિર્ઝા સાથે મિત્રતાથઈ હતી. ત્યારબાદ સગીરા યુવક સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી યુવક સાથે ચેટ કરતી હતી. સગીરા સાથે વાતચીત દરમિયાન યુવકે સગીરાને લોભામણી લાલચો આપી પ્રેમજાળમાં ફસાવી હતી. જે બાદ સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે સગીરાનું મેડિકલ ચેકઅપ કરાવતા સગીરા ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. તે કેસ વાપીની પોક્સો એક્ટહેઠળની સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલી જતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલો, સગીરાના નિવેદન અને ટેક્નિકલ સર્વેલન્સના પુરાવા મેડિકલના પુરાવાઓ ધ્યાને રાખીને વાપીની પોક્સો એક્ટ હેઠળની સ્પેશ્યલ કોર્ટના જજ તરુણ આહુજાએ ૧૬ વર્ષીય કિશોરી સાથે સોશિયલ મીડિયામાં દોસ્તી કરી તેણીની સાથે દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવનાર આરોપી સૈફ ઈમરાન મિર્ઝા, ઉંમર વર્ષ ૨૪, આઈપીસીની કલમ. ૩૬૩નાં ગુનામાં ૫ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૦ હજાર દંડ અને જો દંડ નાં ભરે તો વધુ ૨ મહિનાની સાદી કેદની સજા તથા પોક્સો એક્ટ કલમ. ૬નાં ગુનામાં ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૨ લાખ દંડ અને જો દંડ નાં ભરે તો વધુ ૨ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરી આરોપી જો દંડની કુલ ૨.૧૦ લાખ ભરે તો તે રકમ ભોગબનનાર ને વળતર તરીકે ચુકવવાનો હુકમ કર્યો હતો.

### મહારાષ્ટ્ર સરકારની લાડલી બહેન યોજનાનો લાભ લેવા

## વાપીની પોસ્ટ ઓફિસમાં મહારાષ્ટ્રીયન મહિલાઓની લાંબી લાઈનો લાગી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા. ૨૩:** મહારાષ્ટ્ર સરકાર દ્વારા લાડલી બહેન યોજનાની જાહેરાત કરાતા ગુજરાતના વાપીમાં રહેતા મહારાષ્ટ્રીયન મહિલાઓ દ્વારા પોસ્ટ વિભાગમાં પોતાનું ખાતું ખોલાવી જરૂરી દસ્તાવેજો જમા કરાવવા માટે લાંબી લાઈન લાગી રહી છે.

પ્રાપ્ત વિગત મુજબ હાલમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આવી રહી છે જેને ધ્યાને લઈ મુખ્ય પ્રધાન એકનાથ સિંધે સરકાર દ્વારા લાડલી બહેન અને લાડલા ભાઈ યોજનાની જાહેરાત કરી છે અને દર મહિને ૧૨ પાસ વિદ્યાર્થીઓને ૬ ૦૦૦ તેમજ ડિપ્લોમા અને સ્નાતકની ડિગ્રી મેળવનારને ૮૦૦૦ રૂપિયા આપવામાં આવશે તેમજ મહિલાઓને પણ આ યોજના અંતર્ગત દર મહિને તેમના ખાતામાં સરકાર રૂપિયા જમા કરાવશે તેવી જાહેરાત કરવામાં આવતા મહારાષ્ટ્રથી ગુજરાતમાં રોજીરોટી માટે આવેલ અને અહીં વસતા એવા મહારાષ્ટ્રીયન પરિવારની મહિલાઓ દ્વારા પોસ્ટ વિભાગમાં આ યોજનાનો લાભ લેવો હોય તો તેમનું એકાઉન્ટ જરૂરી હોવાથી છેલ્લા પાંચ દિવસથી વાપી ટાઉનમાં આવેલ મુખ્ય પોસ્ટ ઓફિસમાં તેમનું એકાઉન્ટ ખોલાવવા માટે મોટી સંખ્યામાં મહિલાઓ આવી લાઈન લગાવી રહી છે. તો પોસ્ટ વિભાગમાં આ અંગે કામગીરી કરવા માટેનો સ્ટાફ ઓછો હોવાથી મહિલાઓએ સવારથી બપોર સુધી લાઈનમાં ઉભી રહેવું પડે છે અને મહારાજ સરકારની યોજના હોવા છતાં ગુજરાતમાં મહિલાઓ તેનો લાભ લેવા પોસ્ટ વિભાગમાં પહોંચી રહી છે.

### એલટી વપરાશકારોને ૧૫૦ કેવીએ પાવરનો ઉપયોગ કરવાની છુટ અપાતા

## મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એસો. દ્વારા નાણામંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા.૨૩:** ગુજરાત રાજ્યની જીઆઈડીસી તેમજ મોરારી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનને લગતા બાબતોના નિરાકરણમાં રાજ્યના નાણાં ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના માર્ગદર્શન સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના એલટી વપરાશકારોને કોઈપણ વધારાના મૂડી ખર્ચ વિના ૧૫૦ કેવિએ સુધીનો પાવરનો ઉપયોગ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે જે માટે બહુ-તિક્ષીત નિર્ણયથી મોરાઈ ગામમાં આવેલ એમએસએમઈ ઉદ્યોગને ખૂબજ મોટી રાહત થવાની છે જેને ધ્યાને લઈ મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ ગૌતમભાઈ શાહના નેજા હેઠળ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સભ્યો તેમજ ઉપપ્રમુખ મુકેશસિંહ ઠાકુર નવીનભાઈ બંસલ જમશેદભાઈ પંથિક હેમાંગભાઈ નાયક તથા મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના મહાન સમર્થક અને માર્ગદર્શક રહ્યા છો અને અમે મોરાઈમાં અને તેની આસપાસના ઉદ્યોગોને લગતી બાબતોના નિરાકરણમાં દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ હેઠળ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને માન. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, તમે LT વપરાશકર્તાઓને કોઈપણ વધારાના મૂડી ખર્ચ વિના ૧૫૦ KVA સુધી પાવરનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે સારો નિર્ણય લીધો છે. મોરાઈ અને નજીકના ગામડાના MSME ઉદ્યોગો માટે વર્તમાન વ્યાપારી પરિદ્રશ્યમાં આ મોટી રાહત હશે. તે MSME ઉદ્યોગોને વધુ સ્પર્ધાત્મક રહેવાની અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં જોડાવા માટે પણ પરવાનગી આપશે.

અમે, એક્ઝિક્યુટિવ કમિટી અને મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સભ્યો, MSMEની લાંબા સમયની માંગને પૂર્ણ કરવા બદલ મંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ અહી ઓવરહેડ વાયરને બદલવા માટે ભૂગર્ભ કેબલ તેમજ વટારમાં પાવર સબસ્ટેશન સ્થાપવા બદલ એસોસિએશને આભાર માન્યો હતો.

## તુંબીમાં પરિણીતાએ ગળે ફાંસો ખાતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ધરમપુર,તા.૨૩:** ધરમપુર તાલુકાના તુંબી ગામે આવેલ ભજન ફળીયા ખાતે રહેતી તૃપ્તિ બેન પ્રતીક પટેલ ઉ. ૨૨ જેના લગ્ન પહેલાં ખરેડીનાં સયલુ નામનાં યુવક સાથે પ્રેમ સબંધ હતો બાદ તુંબી ગામે લગ્ન થયા હતા થોડા દિવસો બાદ એના પ્રેમીએ અંગત પળોના ફોટા મોકલી અવાનવાર બ્લેક મેઈલ કરી પૈસાની માંગણી કરતો હતો તૃપ્તી પટેલ ટેનશનમાં આવી જઈ પોતાનાં ઘરના ઉપર આવેલાં છતનાં પંખા સાથે દુપટ્ટા વડે ગળે ફાંસો લઈ જીવન ટૂંકાવી લેતા ગામમાં શોકની લાગણી ફરી વળી હતી. આ ઘટના અંગે પ્રતિક પટેલે ધરમપુર પોલીસ મથકે જાણ કરતા આગળની કાર્યવાહી ધરમપુર પોલીસે હાથ ધરી છે.

### રોણવેલ ૧૦૮ના કર્મચારી દ્વારા

## માંકડબન ગામની મહિલાને સળતાપૂર્વક ડીલેવરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ,તા.૨૩:** ધરમપુર તાલુકાના માંકડબન ધોડી ફળિયા માં રહેતા નિલમબેન સુનિલભાઈ મોકાસી ઉમર ૨૩વર્ષ ને તા.૨૨/૯/૨૦૨૪ ના રોજ બપોર પસૂતી ની પીડા ઉપડી હતી. જે તી તેને હોસ્પિટલ ખસેડવા માટે રોણવેલ ૧૦૮એમ્બ્યુલન્સને બોલાવાઈ હતી. જે બાદ રોણવેલ ૧૦૮ના ટીમે માંકડબન ગામમા આવી મહિલાને એમ્બયુલેન્સમાં બેસાડી બાદ પાયલોટ શૈલેસ પટેલ વાહનને સ્ટેટ હોસ્પિટલ તરફ હંકારી હતી. આ દમિયાન ભેસદરા ગામ પોહચતા નિલમબેન ને અસ્હ્ય દર્દ શરૂ થઈ હતો . ઇ. એમ.ટી પ્રિયંકા હસમુખ પટેલ અને પાયલોટ શૈલેસ પટેલ અબુમન્સનને ત્યાં જ રોકી અને ઈ.એમ.ટી.એ સગર્ભાને તપાસ કરતા જાણ્યું કે ડિલિવરી એમ્બ્યુલન્સમાં જ કરાવી પડી જેને લયને માતા અને બાળકનો જીવ બચી જતા મોકશી પરિવારના સભ્યો ખુશ થઈ ગયા હતા અને એમ્બ્યુલન્સના કર્મચારી ઈ.એમ.ટી.નો આભાર માન્યો હતો. આ નોર્મલ ડિલિવરી બાદ નિલમબેનને ડોક્ટર મેહુલના કહેવાતી જરૂરી એવા ઈન્જેકશન અને ઓક્સિજન આપી અને બાળકને બેબી વોમ કરી કાગરું મધર્સ કેર આપી માતા નિલમબેનને પેસન્ટા ડિલિવરી કરાવી વધુ સારવાર માટે સ્ટેટ હોસ્પિટલ ધરમપુર ખસેડયા હતા.

## વલસાડમાં બપોરે કડાકા ભડાકા સાથે ઝરમરિયો વરસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ તા ૨૩:** વલસાડ પંથકમાં આજે બપોરે ગરમી અને ઉકડાટ બાદ અચાનક કાળા દિબાંગ વાદળો આકાશમાં કડાકા ભડાકા સાથે ઝરમરિયો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વલસાડમાં ભારે વરસાદ પડવાની શક્યતાઓ હતી પરંતુ કડાકા ભડાકા બાદ અચાનક વરસાદ ગાયબ થઈ ગયો હતો.

છેલ્લા એક અઠવાડિયાથી મેઘરાજા અચાનક રજા પર ઉતરી ગયા બાદ ગઈકાલે બપોરે ઝરમરિયો વરસાદ પડ્યા બાદ શાંત થઈ ગયો હતો ત્યારે આજરોજ બપોરે આકાશમાં કાળા દીબાંગ વાદળો અચાનક ચડી આવ્યા હતા. અને બપોરે કડાકા ભડાકા સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. એક સમયે એવું લાગતું હતું કે ભારે વરસાદ વલસાડ પંથકમાં પડશે પરંતુ થોડા સમય બાદ અચાનક વરસાદ ગાયબ થઈ ગયો હતો. જોકે વરસાદ બંધ થયા બાદ ફરી અસહ્ય ગરમી અને બફારાથી લોકો પરેશાન થઈ ગયા હતા.

## ઉમરગામમાં સ્વામિનારાયણ મંદિરે યોજાયેલ સત્સંગમાં મનુષ્યને ધર્મ અનુસાર જીવન અંગે જાણકારી અપાઈ

### સત્સંગના લાભાર્થી તરીકે હરીભક્ત વાપીના નવિનભાઈ વાસુભાઈ શાંખલા, ગૌરવભાઈ નવિનભાઈ અને કર્તવ્ય ગૌરવ શાંખલા પરિવાર રહ્યો હતો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાપી, તા. ૨૩:** શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર SVGP (અમદાવાદ-છારોડી) - ઉમરગામ મધ્યે પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા એવમ્ પરમ પૂજ્ય સદગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના અમુલ્ય માર્ગદર્શનથી દરેક માસના ત્રીજા રવિવારે સત્સંગ સભાનુ ભવ્ય આયોજન થઈ રહ્યુ છે. જેમા સંસ્થાના વિદ્વાન સંતો જીવનના આત્મ કલ્યાણ અને સનાતન ધર્મનુ અમુલ્ય જ્ઞાન આપી મનુષ્યને ધર્મ અનુસાર જીવન જીવવાનો સાચો માર્ગ બતાવે છે. જેમાં ઉમરગામ, વાપી, દહાણુ, વલસાડ, વગેરે શહેરોથી હરિભકતો ભાઈઓ તથા બહેનો બહોળા સમુદાયમાં ભેગા મળી આ અમુલ્ય સત્સંગનો લાભ લઈ રહ્યા છે. આ રવિવાર તા.૨૨/૦૯/૨૦૨૪ ના રોજ પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી ગુણસાગર સ્વામીના મુખે ભગવાન પાસે કઇ રીતે પ્રાર્થના કરવી તે વિષય પર ખુબ સરળતાથી સમજાવી સત્સંગનુ ઉધબોધન કર્યુ હતુ. સર્વે આવેલ હરિભકતોઆ સત્સંગનો ખુબ લાભ લઈ રહ્યા હતા. આ સત્સંગ સભાના યજમાન વાપીના હરિભકત નવિનભાઈ વાસુભાઈ શાંખલા, ગૌરવ નવિનભાઈ શાંખલા, તથા કર્તવ્ય ગૌરવ શાંખલા પરિવારને તથા SGVP અમદાવાદ સંસ્થા મારફત ત્રૂષીકેષ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરેલ તેમા વાપી, ઉમરગામ, દહાણું, વલસાડના હરિભકતો સેવામા ગયેલ તેઓ તથા સત્સંગ સભાના યજમાનોનુ પુષ્પોથી અભિવાદન કર્યુ હતું. અંતમા આવતા મહિનાની રવિસભાના સ્થાન પર તા.૨૨-૧૦-૨૦૨૪ના રાત્રે ૮:૦૦ વાગ્યાથી સત્સંગ સભા અને શરદપુનમના રાસનું ભવ્ય આયોજન કરેલ છે. જેમા દરેક ભાવીક હરિભકતોએ, સગાસંબધીઓ, મિત્રવર્ગ, સાથે આવવાનું નિમત્રંણ પણ પાઠવેલ. અંતમા રાત્રે દુધ પૈવાનો મહાપ્રસાદ લેવાનો છે.

## મોગરાવાડીમાં યુવાન ઉપર જીવલેણ ઘાના આરોપીને ૫ વર્ષની કેદ

### ચાર વર્ષ પહેલા બિયર પીવા પૈસા નહી આપતા યુવાનને છાતી અને પીઠના ભાગે સોયો અને ચપ્પુથી હુમલો કરાયો હતો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ,તા.૨૩:** ચાર વર્ષ અગાઉ વલસાડના મોગરાવાડીમાં બિયર પીવા પૈસા આપવા અને બિયર પીવડાવવાની ના પાડતા લોખંડનો સોયો છાતીમાં અને ચપ્પુ કાઢી પીઠના ભાગે ઉપરાંત છાપરી ઘા કરી ઈજા પહોંચવાના કેસમાં વલસાડની કોર્ટે આરોપીને પાંચ વર્ષની સખત કેદ તથા ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારકો હુકમ કર્યો છે.


મૂળ મુજફ્ફરનગર અને હાલ વલસાડના મોગરાવાડી હીરા ફેક્ટરી સામે રહેતા ગુલશનકુમાર કિશન સીંગને તા.૦૭/૦૩/૨૦૨૦નાં રોજ રાત્રે ૮ વાગ્યે મિત્રની રૂમ પર ગયા હતા તે દરમિયાન રોજની કમાણીની ગણતરી તેમજ ચર્ચા ચાલતી વખતે ગણેશ ઉર્ફે ચીકુ રઘુનાથ યાદવ આવી દિવસની કમાણી વિશે પુછેલ તેણે જણાવ્યું કે કમાણી સારી થયેલ છે. તેવું કહેતા ગણેશે તેને બિયર પીવડાવો પડશે તેવું જણાવતા તેણે કહ્યું કે મારા ભાઈને હિસાબ આપવો પડે છે. પછી મારો પગાર થાય છે. તને બિયરના કે દારૂના ફાલતુ પૈસા આપવાનો નથી કે બિયર પીવડાવવાનો પણ નથી તેવું કહેતાં ઉસકેરાયેલા ગણેશ ઉર્ફે ચીકુનાએ પેન્ટના ખિસ્સામાં હાથ નાંખી પૈસા કાઢવા જતા ગણેશભાઈને ધક્કો મારી હટાવી સાઈડમાં થઈ ગયો હતો. જેથી ગણેશ એકદમ રૂમમાં પડેલ બરફ તોડવાનો લોખંડનો સોયો તેની છાતીના નીચેના ભાગે તેમજ જીન્સ પેન્ટમાંથી ચપ્પુ કાઢી ચપ્પુના ત્રણ ઘા પીઠમાં મારી ઈજા કરી ભાગી છુટ્યો હતો. ત્યાર બાદ રાહુલ સાથે ચાલીની બહાર આવેલ ડેરી પાસે ઉભેલા શેઠ અનિલ કંચન યાદવ પાસે જઈ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા એમ્બ્યુલન્સ આવતા સિવિલ હોસ્પિટલ વલસાડ સારવાર માટે દાખલ કર્યો હતો. જે અંગેનો કેસ વલસાડની કોર્ટમાં ચાલતા એજીપી ભરત પ્રજાપતિની દલીલો ગ્રાહ્ય રાખી વલસાડનાં મુખ્ય સત્ર ન્યાયાધીશ વી.કે. પાઠકે આરોપી ગણેશ ઉર્ફે ચીકુ રઘુનાથ યાદવ રહે. હનુમાન ફળિયા મોગરાવાડી વલસાડને ૫ વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૧ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

## વિવિધ રમતોમાં વલસાડની શેઠ આર.જે.જે.ના ૩૩ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ જશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વલસાડ, તા. ૨૩:** સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા રમત-શિક્ષણ કેન્દ્ર વલસાડ અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી વલસાડ દ્વારા સંચાલિત S.G.F.I (શાળાકીય)ની વિવિધ રમતોનું આયોજન તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ કરવામાં આવ્યું હતું. જેમાં શેઠ આર.જે.જે. હાઈસ્કુલ (અંગ્રેજી માધ્યમ)ના વિદ્યાર્થીઓ જુદી જુદી સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા થયેલ છે અને રાજ્યકક્ષા માટે પસંદગી પામેલ છે. જેમાં ચેસ રમતમાં U-૧૪ પટેલ માહી આર, લોન ટેનિસ U-૧૪ જય કે ઠાકોર, યુગ એન પ્રજાપતિ, રેહાન એ શેખ, U-૧૭ રુદ્ર ડી. ભાનુશાલી, એન્જલ જે. પરમાર. કબડ્ડી U-૧૭ મુકેશ પી. પ્રજાપતિ, સ્વિમિંગ U-૧૪ અંશ પટેલ, તનવ પરમાર, ધ્રૃણાલ એન પટેલ, U-૧૭ હેમિશ ટંડેલ, વેદાંત મહેતા, U-૧૯ મેઘ બી. પટેલ, કવન પટેલ, યોગાસન U-૧૪ મીશા ટંડેલ, તનવ પરમાર, મોક્ષ ટંડેલ, U-૧૭ નિશીથ કોસિયા, U-૧૯ રાજવી પી. દેસાઈ, એથલેટીક્સ U-૧૪ ગોળા ફેંક દુર્વા પટેલ, U-૧૭ લાંબી કુદ નેહલ ટંડેલ, U-૧૯ લંગડી ફાળ કુદ અને ઊંચી કુદ રાશી ભગત, ગોળા ફેંક ગાર્ગી એચ પટેલ, ખોખો U-૧૭ ભૂમિ ભાનુશાલી, ક્રિકેટ U-૧૯, મૃણાલ સુરતી, સાગર રાજપુરોહિત. ફૂટબોલ U-૧૭ શુભ વાઘીયા, ધાર્મિક ઓઝા, વેઈટ લિફ્ટિંગ U-૧૭ કયાન ગોવેકર, કરાટે U- ૧૪ ધ્યાન જાદવ, U-૧૭ પ્રિન્સ કે સોલંકી, સ્ક્વોશ U-૧૪ જય કે ઠાકોર, યુગ એન. પ્રજાપતિ ઉપરોક્ત તમામ ખેલાડીઓ આગામી દિવસોમાં યોજાનાર રાજ્ય કક્ષાની S.G.F.I દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. વિદ્યાર્થીઓને શાળા સંચાલક મંડળ, શાળાના આચાર્યા પ્રાર્થના ભાટી તથા સમગ્ર શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓ તથા એમના માર્ગદર્શક પી.ટી. શિક્ષક બરજુલ એમ. બોંગે તથા કેતન પી. ઠાકોરને અભિનંદન આપી આગામી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## નરોલીમાં આંખોની તાપસ માટે કેમ્પનું આયોજન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **સેલવાસ, તા.૨૩:** દાનહ જિલ્લા પંચાયત દ્વારા સેવા પખવાડિયા અંતર્ગત નરોલી ગ્રામ પંચાયત અને રોટરી ક્લબ સેલવાસ અને આદિત્ય NGO દ્વારા આંખની તપાસ અને જરૂરિયાતમંદ દર્દીઓને નિ:શુલ્ક મોતિયાના ઓપરેશનના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દર્દીઓના સુગર અને પ્રેશરની તપાસ સાથે આંખની તપાસ કરવામાં આવી હતી. જેમાં કુલ ૩૭૦થી વધુ આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. અને નજકના નંબરના ચશ્મા સ્થળ પર અપાયા હતા. જયારે દૂરના અંતરના ચશ્મા નંબર મુજબ બનાવી આપવામાં આવ્યા હતા. ૪૦ મોતિયા બિંદુના દર્દીને વિના મૂલ્યે અત્યાધુનિક પદ્ધતિઓથી આંખના ઓપરેશન કરાવી આપવાની ઉમદા વ્યવસ્થા રોટરી ક્લબ સેલવાસ દ્વારા કરવામાં આવી છે. આ કેમ્પમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ વંદનાબેન અને યોગેશ નાયક હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિરલ રાજપૂત, યોગેશ સોલંકી, જુલીબેન તથા યશવત પરમાર હાજર રહીને દર્દીઓને કેમ્પનો લાભ અપાવ્યો હતો.

યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું
વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London)
નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.
સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.
સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦
(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)
મો. નં. : 9228163737
સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**